અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ ઓગસ્ટ ૨૦૨૩, બુધવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ સાતમ

વર્ષ : ૧૫
અંક : ૨૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

ભારતનું ચંદ્ર મિશન ચંદ્રયાન-૩ હવે તેના અંતિમ તબક્કામાં

## ચંદ્રયાન-૩ આજે સાંજે ૬.૪૫ વાગે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડ કરશે


### ચંદ્રની સપાટીનો વીડિયો આવ્યો સામે, ચંદ્રયાન-૩ના લેન્ડિંગનું કાલે સાંજે ૫.૨૦ વાગ્યાથી લાઈવ પ્રસારણ

### ઈસરોએ લેન્ડર ઈમેજર કેમેરા ૪થી લીધેલી તસવીરો એક નાના વીડિયોના માધ્યમથી ટ્વીટ કરીને જાહેર કરી

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતનું ચંદ્ર મિશન ચંદ્રયાન-૩ હવે તેના અંતિમ તબક્કામાં છે. ઈસરોના વૈજ્ઞાનિકોની સાથે સાથે હવે દેશના લોકોના હૃદયના ધબકારા પણ વધી રહ્યા છે. આ દરમિયાન ઈસરોના ચેરમેન એસ સોમનાથે ૨૩ ઓગસ્ટના રોજ સફળ સોફ્ટ-લેન્ડિંગનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. એસ સોમનાથે કહ્યું આ આત્મવિશ્વાસ લોન્ચ પહેલાની તમામ તૈયારીઓ અને ચંદ્રની યાત્રામાં સંકલિત મોડ્યુલ અને લેન્ડિંગ મોડ્યુલ દ્વારા કરવામાં આવેલી મુશ્કેલી-મુક્ત પ્રગતિથી આવ્યો છે. અમને વિશ્વાસ છે કારણ કે અત્યાર સુધી બધું બરાબર છે અને આ સમય સુધી કોઈ આકસ્મિક પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો નથી.

ઈસરોના ચેરમેને વધુમાં કહ્યું, 'અમે તમામ તૈયારીઓ કરી લીધી છે અને આ તબક્કા સુધી તમામ સિસ્ટમોએ અમારી જરૂરિયાત મુજબ કામગીરી કરી છે. હવે અમે મલ્ટિપલ સિમ્યુલેશન, વેરિફિકેશન અને સિસ્ટમ્સની ડબલ વેરિફિકેશન સાથે લેન્ડિંગની તૈયારી કરી રહ્યા છીએ,



સાધનોના સિસ્ટમની તપાસ કરવામાં આવી રહી છે.હવે દુનિયાની નજર ચંદ્રયાન-૩ના લેન્ડિંગ પર છે. કારણ કે રશિયાનું ચંદ્ર મિશન લુના-૨૫ ચંદ્ર સાથે અથડાયા બાદ ક્રેશ થયું હતું. વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૩ વચ્ચેના ચાર મૂન લેન્ડિંગ મિશનમાંથી ત્રણ નિષ્ફળ ગયા છે. ચીનના ચાંગ-ઈ-૫ સિવાય, અન્ય તમામ - ઈઝરાયેલનું બેરેશીટ, જાપાનનું હાકુટો-આર, ભારતનું ચંદ્રયાન-૨ અને હવે રશિયાનું લુના-૨૫ - આ સમયગાળામાં લેન્ડિંગના પ્રયાસો નિષ્ફળ ગયા છે. એસ સોમનાથે એ પણ પુષ્ટિ કરી કે ચંદ્રયાન-૨ના ઓર્બિટર સાથે લેન્ડિંગ મોડ્યુલને જોડવાનું જટિલ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. જે ૨૦૧૯થી ચંદ્રની પરિક્રમા કરી રહી રહ્યું છે. તેમણે કહ્યું, 'ચંદ્રયાન-૨ ઓર્બિટર સાથે લેન્ડરને જોડવાનું પરીક્ષણ અને ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે'. ઈસરોએ પાછળથી જણાવ્યું કે આનાથી લેન્ડર અને ચંદ્રયાન-૨ ઓર્બિટર વચ્ચે દ્વિ-માર્ગી સંચાર થઈ ગયો છે.

ચંદ્રયાન-૩ લેન્ડર ચંદ્રની સપાટી પર લેન્ડીંગના એક દિવસ પહેલા ઈસરોએ જણાવ્યું હતું કે, ચંદ્રયાન-૩ મિશન નિર્ધારિત સમય મુજબ આગળ વધી રહ્યું છે. સ્પેસ એજન્સીએ કહ્યું કે, 'ઈસરોટેલિમેટ્રી, ટ્રેકિંગ એન્ડ કમાન્ડ નેટવર્ક' (ઈસટ્રેક)માં સ્થિત 'મિશન ઓપરેશન્સ કોમ્પ્લેક્સ'માં ઉત્સાહનું વાતાવરણ છે. ભારતના ચંદ્ર પરના ત્રીજા મિશન વિશે નવીનતમ માહિતી આપતા ઈસરોએ કહ્યું કે ' મિશન સમયગાળા મુજબ આગળ વધી રહ્યું છે. સિસ્ટમનું નિયમિત ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. કામગીરી સરળતાથી ચાલી રહી છે.ઈસરોએ જણાવ્યું કે, ચંદ્રયાન-૩નું મોક્સ/ઈસ્ટ્રેકપરથી ચંદ્રની સપાટી પર લેન્ડિંગનું લાઈવ પ્રસારણ આવતી કાલે સાંજે ૫.૨૦ વાગ્યાથી શરૂ કરવામાં આવશે. લેન્ડર (વિક્રમ) અને રોવર (પ્રજ્ઞાન) નો સમાવેશ કરતું લેન્ડર મોડ્યુલ બુધવારે સાંજે ૬.૪૫ વાગ્યે ચંદ્રની સપાટીના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રની નજીક લેન્ડીંગ કરે તેવી અપેક્ષા છે. ચંદ્રયાનના લેન્ડરે લગભગ ૭૦ કિલોમીટરનું અંતર કાપ્યું છે. લેન્ડર પોઝિશન ડિટેક્શન કેમેરા (એલપીડીસી)ની ઊંચાઈ પરથી ચંદ્રની કેટલીક તસવીરો મોકલવામાં આવી છે, જેને ઈસરો દ્વારા શેર કરવામાં આવી છે.ભારતના ચંદ્રયાન-૩ની ૨૩ ઓગસ્ટે થનારી સોફ્ટ લેન્ડિંગ પહેલા તેના લેન્ડરમાં લાગેલા કેમેરાએ ચંદ્રની તસવીરો લીધી છે. ઈસરોએ લેન્ડર ઈમેજર કેમેરા ૪થી લીધેલી તસવીરો એક નાના વીડિયોના માધ્યમથી ટ્વિટ કરીને જાહેર કરી છે. વીડિયોમાં ચંદ્રની સપાટી ઘણી પ્રકાશિત નજરે પડી રહી છે, જેમાં ઠેક ઠેકાણે ખાડા પણ જોવા મળી રહ્યા છે. ચંદ્રયાન-૩ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડ કરશે.

---

હૈદ્રાબાદે વર્લ્ડ કપની મેચનો કાર્યક્રમ બદલવા કહ્યું હતું

## વર્લ્ડ કપના કાર્યક્રમમાં ફેરફારનો બીસીસીઆઈનો સ્પષ્ટ ઈનકાર

। નવી દિલ્હી, તા.૨૨ ।

હાલમાં જ હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશને બીસીસીઆઈને પત્ર લખી વર્લ્ડ કપ ૨૦૨૩માં ફેરફાર કરવા અપીલ કરી હતી. હવે બીસીસીઆઈએ હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનને જાણ કરી છે કે આ અંતિમ તબક્કે આઈસીસીક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૩ના શેડ્યૂલમાં ફેરફાર કરવો યોગ્ય નથી. એસોસિએશન પણ શેડ્યૂલ મુજબ ચલાવવા માટે સંમત છે. આ સ્થિતિમાં હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ૯ અને ૧૦ ઓક્ટોબરે સતત બે વર્લ્ડ કપ મેચોની યજમાની કરવી પડશે. વર્લ્ડ કપનો શેડ્યૂલ પહેલાથી જ બદલાઈ ગયો છે. જો એચસીએએ અગાઉ બીસીસીઆઈ પાસેથી ફેરફારોની માંગ કરી હોત, તો તે સ્વીકારવામાં આવી હોત.

સુપ્રીમ કોર્ટના પ્રશાસક એલ નાગેશ્વર રાવ દ્વારા નિયુક્ત ટીમના સભ્ય દુર્ગા પ્રસાદે કહ્યું, અમે બીસીસીઆઈસાથે ચર્ચા કરી છે અને તેઓએ સંકેત આપ્યો છે કે આ સમયે શેડ્યૂલમાં ફેરફાર શક્ય નથી. તેથી અમે સહકાર આપવાનું નક્કી કર્યું છે.એચસીએના અધિકારીઓએ ગઈકાલે બીસીસીઆઈના કાર્યકારી સીઈઓ હેમાંગ અમીન સાથે રમતોની વ્યવસ્થા અંગે લાંબી ચર્ચા કરી હતી. એચસીએઅધિકારીએ કહ્યું, "અમે સમજીએ છીએ કે બીસીસીઆઈના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લા પહેલેથી જ એક નિવેદન જારી કરી ચૂક્યા છે.

---

ગદર-૨ની સફળતાએ સનીને સાંસદ તરીકેની નિષ્ફળતા યાદ અપાવી

## હવે કોઈ જ ચૂંટણી લડવાનો સની દેઓલનો સ્પષ્ટ ઈનકાર

### ગદર-૨ ૪૦૦ કરોડની ક્લબ તરફ આગળ વધી રહી છે ત્યારે અભિનેતાના આ નિવેદનથી ભાજપને આંચકો

। મુંબઈ, તા.૨૨ ।

ગદર ૨ ફિલ્મને અપાર સફળતા મળવાથી ખુશ અભિનેતા સની દેઓલે પોતાના રાજકીય સફર અંગે મોટુ નિવેદન આપ્યુ છે. તેમણે કહ્યુ કે હું હવે કોઈ ચૂંટણી લડવા માંગતો નથી. અત્યારે લોકો ગદર ૨ ના ખૂબ વખાણ કરી રહ્યા છે. ફિલ્મના હીરો સની દેઓલની એક્ટિંગની પણ ખૂબ પ્રશંસા થઈ રહી છે. આ દરમિયાન સની દેઓલે ૨૦૨૪માં થનારી લોકસભા ચૂંટણીમાં ચૂંટણી લડવાના પ્રશ્ન પર પ્રતિક્રિયા આપી છે, જે ખૂબ ચર્ચામાં છે. અભિનેતા સની દેઓલે કહ્યુ, અભિનેતા બની રહેવુ જ મારી ચૂંટણી છે. મને લાગે છે કે હું એક્ટર તરીકે દેશની સેવા કરુ, જે હું કરતો આવ્યો છું. હું હવે કોઈ ચૂંટણી લડવા માંગતો નથી.



સની દેઓલે કહ્યુ, એક્ટિંગની દુનિયામાં મારુ જે મન કરે, તે હું કરી શકુ છુ પરંતુ રાજકારણમાં જો હું કેટલીક કમિટ કરી દઉં અને તેને પૂરી ન કરી શકુ તો મારાથી તે સહન નથી થતુ. હુ એવુ કરી શકતો નથી. સાંસદ તરીકે ગૃહમાં સની દેઓલની હાજરી માત્ર ૧૯ ટકા છે, તે અંગે ભાજપ સાંસદ સની દેઓલે કહ્યુ, જ્યારે હું સંસદ જાવ છુ તો જોઉં છુ કે ત્યાં દેશ ચલાવનાર લોકો બેઠા છે.

---

વર્ષના અંતમાં મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી

## કૉંગ્રેસની સરકાર બનતા જ મ.પ્ર.માં જાતિ આધારિત વસ્તી ગણતરી કરાશે

### મલ્લિકાર્જુન ખડગે મધ્યપ્રદેશના સાગરમાં જાહેર સભાને સંબોધન કર્યું અને મતદારોને રિઝવવા અનેક ચૂંટણીલક્ષી વચનો પણ આપ્યા

। સાગર, તા.૨૨ ।

મધ્યપ્રદેશમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જાહેરાત કરી હતી કે પ્રદેશમાં કોંગ્રેસની સરકાર બન્યા બાદ જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવશે. આ પહેલા બિહારમાં નીતિશની આગેવાની હેઠળની મહાગઠબંધન સરકાર જાતિ આધારિત વસ્તી ગણતરી કરી રહી છે. આ વર્ષના અંતમાં મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી છે. કોંગ્રેસે પૂરા જોરશોરથી ભાજપને સત્તામાંથી બહારનો રસ્તો બતાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. આ સાથે જ મલ્લિકાર્જુન ખડગે મધ્યપ્રદેશના સાગરમાં જાહેર સભાને સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમની સાથે પૂર્વ સીએમ કમલનાથ પણ હાજર હતા. આ દરમિયાન ખડગેએ ઘણી મોટી જાહેરાતો કરી હતી. ખડગેએ કહ્યું કે મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકાર બનતાની સાથે જ સાગરમાં સંત રવિદાસ જીના નામ પર યુનિવર્સિટી ખોલવામાં આવશે આ ઉપરાંત તેમણે કહ્યું કે રાજ્યમાં કોંગ્રેસની સરકાર આવતાની સાથે જ જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવશે.

ખડગેએ સાગરમાં રવિદાસનું મંદિર બનાવવાના મુદ્દે સીએમ શિવરાજ સિંહ ચૌહાણ અને પીએમ મોદી પર નિશાન સાધતા કહ્યું કે ભાજપ હવે ચૂંટણી સમયે સંત રવિદાસને યાદ કરે છે. એક વ્યક્તિ ૧૮ વર્ષથી એમપીમાં શાસન કરે છે, મોદીએ ગુજરાતમાં ૧૩ વર્ષ શાસન કર્યું. દિલ્હીના શાસનને ૧૦ વર્ષ થવા આવી રહ્યા છે. તો ૨૪ વર્ષ વીતી ગયા. કોંગ્રેસને કહેવામાં આવે છે કે જ્યારે મોદીજીએ તેના અડધા વર્ષ સુધી શાસન કર્યું છે.

---

## નફરત ફેલાવનારાઓને સત્તાનું સમર્થન મળે છે : સોનિયા

। નવી દિલ્હી, તા.૨૨ ।

પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મ જયંતી નિમિત્તે યોજાયેલા 'સદ્ભાવના- પુરસ્કાર કાર્યક્રમ'માં બોલતાં કોંગ્રેસનાં નેતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, 'દેશ સેવા માટે મળેલા બહુ ઓછા સમયમાં રાજીવ ગાંધીએ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. ભારતમાં રહેલી અનેકવિધતાની સુરક્ષા અને સંરક્ષણના તેઓ સમર્થક હતા.' કોંગ્રેસ પૂર્વ પ્રમુખે વધુમાં કહ્યું હતું કે, 'રાજીવ તે અંગે ઘણાં જ સંવેદનશીલ હતા કે વિવિધ ધર્મોના ધાર્મિક પ્રસંગો, વિવિધ જાતિઓ, ભાષાઓ અને સંસ્કૃતિઓના ઉત્સવો ઉજવીને જ આપણે ભારતની એકતાનેવધુમજબૂતકરીશકીશું.'સોનિયાગાંધીએવધુમાં કહ્યું હતું કે, 'આ પુરસ્કાર તે લોકોને અને તે સંસ્થાઓને આપવો જોઈએ કે જેઓએ શાંતિ, સાંપ્રદાયિક સદ્ભાવ અને રાષ્ટ્રીય એકતાને આગળ વધારવામાં વિશેષ યોગદાન કર્યું હોય.' સોનિયા ગાંધીએ વધુમાં કહ્યું હતું કે, 'તેઓનું આ મંતવ્ય એવા સમયમાં વધુ મહત્ત્વપૂર્ણ બને છે કે જ્યારે અલગતાવાદ, નફરત, કટ્ટરતા અને પક્ષપાતને પુષ્ટિ આપનારી શક્તિઓ વધુ સક્રિય બની છે તેમને સત્તાનું સમર્થન પણ મળે છે.'

---

## પાકિસ્તાનમાં કેબલ કારમાં છ વિદ્યાર્થી સહિત આઠ લોકો ફસાયા

। કરાંચી, તા.૨૨ ।

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાંથી એક ઘટના સામે આવી રહી છે. જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ કેબલ કારમાં અધવચ્ચે જ અટવાઈ ગયા છે. આ કેબલ કારમાં છ વિદ્યાર્થીઓ સહિત ૮ લોકો ફસાયા છે. મળતી માહિતી પ્રમાણે પખ્તૂનખ્વામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ કેબલ કારમાં અધવચ્ચે ફસાઇ જતાં તેમને બચાવવા માટે પાકિસ્તાન આર્મીનું હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યું હતું પરંતુ પવનના જોરદાર દબાણને કારણે બીજો કેબલ તૂટવાનો ભય છે. તેથી તેને પાછુ બોલાવવામાં આવ્યુ છે. ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના એક દૂરના પર્વતીય ભાગમાં બાળકો શાળાએ જવા માટે ખીણ પાર કરવી પડે છે અને તે ખીણ પાર કરવા માટે બાળકો કેબલ કારનો ઉપયોગ કરે છે. બાળકો શાળાએ જઈ રહ્યાં હતા ત્યારે એક કેબલ તૂટી ગયો હતો. કેબલ કારમાં ફસાયેલા ગુલફરાઝે પાકિસ્તાનની ટેલિવિઝન ચેનલને ફોન પર કહ્યું કે, "ભગવાનની ખાતર અમારી મદદ કરો." કારમાં ૮ લોકો છે તે વાતની પુષ્ટિ પણ કરી. કેબલ કારમાં ફસાયેલા એક વ્યક્તિએ પાકિસ્તાની ન્યૂઝ ચેનલને જણાવ્યું કે, "અમે હવામાં ફસાયાને લગભગ પાંચ કલાક થઈ ગયા છે.

---

## ન્યૂઝ બ્રિફ

### બાલાકોટ એલએસી પર બે ઘૂસણખોર ઠાર, હથિયારો મળ્યા

। જમ્મુ, તા.૨૨ ।

જમ્મુ-કાશ્મીર બીએસએફને મોટી સફળતા મળી છે. બીએસએફના જવાનોએ પૂંચના બાલાકોટ સેક્ટરમાં એલઓસીપર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. એલર્ટ રહેલા બીએસએફના જવાનોએ બે ઘુસણખોરોને ઠાર કર્યા છે. માર્યા ગયેલા ઘૂસણખોરો પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો મળી આવ્યા છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે પાકિસ્તાની મૂળની દવાઓ સહિત શસ્ત્રો અને દારૂગોળોનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. ગુપ્તચર એજન્સીઓ અને પોલીસના ઈનપુટ્સ પરથી જાણવા મળ્યું છે કે કેટલાક ઘૂસણખોરો નિયંત્રણ રેખા પારથી બાલાકોટ સેક્ટરમાં પ્રવેશવાની રાહ જોવાઈ રહી છે. ઈનપુટ્સના આધારે મોનિટરિંગ ગ્રીડને એલર્ટ પર મૂકવામાં આવી હતી. ઘૂસણખોરો સરહદની નજીક પહોંચતા જ જવાનોએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો.

### મહાવીરી જુલૂસને રોકવા મામલે પથ્થરમારામાં ચાર પોલીસ સહિત ૧૨ ઘાયલ

। બગહા, તા.૨૨ ।

નાગપંચમી પર સોમવારે બપોરે મહાવીરી જુલૂસને રોકવા મામલે બે પક્ષો વચ્ચે વિવાદ અને પથ્થરમારો થયો હતો. આ ઘટનામાં ચાર પોલીસ કર્મચારીઓ સહિત ૧૨ લોકો ઘાયલ થઈ ગયા હતા. ઘાયલોમાં એકની સ્થિતિ ગંભીર છે. તમામ ઘાયલોની સારવાર અનુમંડલીય હોસ્પિટલમાં ચાલી રહી છે. ડીએમ દિનેશ કુમાર રાયના નેતૃત્વમાં અધિકારીઓની ટીમ ઘટના સ્થળ પર કેમ્પ કરી રહી છે.

### રાજ્યોને કોરોના વાયરસના નવા વૈશ્વિક વેરિએન્ટ પર નજર રાખવા સુચના

। નવી દિલ્હી, તા.૨૨ ।

વિશ્વમાં કોરોનાના ફરી એક વખત વધતા કેસોને ધ્યાને લઈ દેશમાં સમીક્ષા કરવા માટે કેન્દ્રએ હાઈ લેવલ મીટિંગ કરી હતી. વડાપ્રધાનના મુખ્ય સચિવ પી.કે. મિશ્રાએ કોવિડ-૧૯ની વર્તમાન સ્થિતિ અને તૈયારીઓની સમીક્ષા માટે આ બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ દરમિયાન રાજ્યોને ટેસ્ટિંગ વધારવા, જીનોમ સીક્વેન્સિંગ અને કોરોના વાયરસના નવા વૈશ્વિક વેરિએન્ટ પર નજર રાખવા કહ્યું છે.



**ન્યૂઝ બ્રિફ**

## અમદાવાદના કુશ પટેલે લંડનમાં આત્મહત્યા કરી



। અમદવાદ, તા.૨૨ ।

અમદવાદનો યુવક કુશ પટેલ લંડનમાં છેલ્લા ૧૧ દિવસથી ગુમ થયો હતો ત્યારે હવે તેનો મૃતદેહ લંડન બ્રિજ પાસેથી મળી આવ્યો છે. આ યુવક સ્ટુડન્ટ વિઝા પર લંડન ભણવા ગયો હતો. કુશ પટેલે આત્મહત્યા કરી હોવાનો ખુલાસો થયો છે. તેનો મૃતદેહ પાણીમાં કોહવાઈ ગયેલો મળ્યો હતો પરંતુ બાયોમેટ્રિક અને ડીએનએ ટેસ્ટના આધારે મૃતદેહની ઓળખ કરી હતી. અમદાવાદના શહેરના નરોડા વિસ્તારનો રહેવાસી કુશ પટેલ ગત વર્ષે જ સ્ટુડન્ટ વિઝા પર લંડન ગયો હતો. તેણે લંડનની યુનિવર્સિટીમાં બિઝનેસ મેનેજમેન્ટના કોર્સમાં એડમિશન લીધુ હતું. કુશ લંડન ગયા બાદ નિયમીત પણે તેમના પરિવારને ફોન કરીને વાતચીત કરતો હતો. જો કે તે છેલ્લા ૧૧ દિવસથી પરિવારના સંપર્કમાં ન હોવાથી પરિવારજનો ચિંતામાં મુકાયા હતા અને તેમણે કુશના રુમ પાર્ટનર સાથે કોન્ટેક્ટ કરીને તેની સાથે વાત કરી હતી પણ રુમમેટને પણ તેના વિશે કોઈ જાણ ન હતી તેથી માતા-પિતાએ વેમ્બલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી જેના પગલે પોલીસે કુશની શોધખોળ શરુ કરી હતી. પોલીસે અનેક જગ્યાએ કુશની શોધખોળ કરી હતી અને સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા તેમ છંતાપણ કોઈ ભાળ મળી ન હતી.



ચંદ્રયાન-૩ના પેઈન્ટીંગ સાથે ૧ ભાઈ આજે રિવર ફ્રન્ટ પર ખુશી મનાવી રહ્યા હતા

## ગાંધીનગરમાં નબીરાએ મહિલાને કચડી નાખી

। ગાંધીનગર, તા.૨૨ ।

રાજ્યમાં સતત અકસ્માતની ઘટનાઓ સામે આવી રહી છે, ત્યારે વધુ એક નબીરાએ બેફામ ડ્રાઈવિંગ કરી અકસ્માત કર્યો છે. અમદાવાદમાં બનેલી તથ્ય વાળી ઘટનાની હજી શ્યાહી સુકાઈ નથી પરંતુ અકસ્માતની ઘટના પર કોઈ રોક લાગતો નથી. ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે બેફામ ગાડી ચલાવી મહિલાને કચડી નાખી હતી. 'પોલીસનો છોકરો છુ,' તેમ કહી રોફ જમાવનારા નબીરા પર લોકો રોષે ભરાયા હતા. ઘટનાને પગલે લોકોના ટોળા એકઠા થયા હતા. ગાંધીનગરમાં નબીરાએ સર્જેલા અકસ્માતને પગલે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બેફામ ગાડી ચલાવી મહિલાને કચડી રોફ જમાવવા જતાં લોકોમાં ગુસ્સો જોવા મળ્યો હતો. ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા. નબીરાએ ટોળા પર પોલીસ પુત્ર હોવાનું કહી રોફ જમાવવા પ્રયાસ પણ કર્યો હતો. ઘટનાને સ્થળે આવી પહોંચેલી પોલીસે ટોળું વિખેરવા પ્રયાસ કર્યો હતો અને અકસ્માત અંગે તપાસ હાથ ધરી હતી. રાજકોટ શહેરમાં એક જ દિવસમાં અકસ્માતના ત્રણ જેટલા બનાવો સામે આવ્યા છે.

### મચ્છરજન્ય, પાણીજન્ય કેસમાં વધારો

## અમદાવાદમાં ડેન્ગ્યુ અને મલેરિયાનો કાળો કહેર વર્તાયો

### ઓગસ્ટ મહિનામાં ડેન્ગ્યુના ૪૦૭ કેસ નોંધાયા છે તેમજ સાદા મલેરિયાના ૧૧૧ કેસ જ્યારે ઝેરી મલેરિયાના ૭ કેસ નોંધાયા છે

। અમદાવાદ, તા.૨૨ ।

દર વર્ષે ચોમાસાની સીઝન દરમિયાન પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો માથું ઉચકતો હોય છે. ત્યારે હાલ અમદાવાદ સહિત ગુજરાતના કેટલાક શહેરોમાં રોગચાળાએ બરોબરનો ભરડો લીધો છે. જેને લઈને ઘરે ઘરે માંદગીના ખાટલા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ભારે વરસાદ બાદ ભરાયેલા પાણીને લઈને મચ્છરનો ઉપદ્રવ વધતાં મચ્છરજન્ય રોગચાળો વધ્યો છે. બીજી બાજુ ચોમાસાની ઋતુને લઈને પાણીજન્ય રોગચાળાએ પણ હાલ અમદાવાદમાં કાળો કહેર વર્તાવ્યો છે. અમદાવાદમાં ઓગસ્ટ મહિનામાં ડેન્ગ્યુના ૪૦૭ કેસ નોંધાયા છે. અમદાવાદમાં ડેન્ગ્યુ અને મલેરિયાનો કાળો કહેર વર્તાયો છે. મચ્છરજન્ય અને પાણીજન્ય કેસમાં વધારો નોંધાયો છે. ચાલુ મહિના ઓગસ્ટની વાત કરવામાં આવે તો અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુના ૪૦૭ કેસ નોંધાયા છે. તેમજ સાદા મલેરિયાના ૧૧૧ કેસ નોંધાયા જ્યારે ઝેરી મલેરિયાના ૭ કેસ નોંધાયા છે. ઓગસ્ટ મહિનામાં ચિકનગુનિયાના ૯ કેસ નોંધાયા તેમજ ઝાડા-ઉલ્ટીના ૬૧૯ કેસ, ટાઈફોઈડના ૪૬૭ કેસ નોંધાયા છે. ઓગસ્ટમાં કમળાના ૧૧૪, કોલેરાના ૨૦ કેસ નોંધાયા છે.

કેસ વધતા અમદાવાદમાં આરોગ્ય તંત્ર પણ સફાળું જાગ્યું છે અને છસ્ઝ્ર દ્વારા મચ્છરોની બ્રિડિંગ સાઈટને લઈને ચેકિંગ હાથ ધરાયુ હતું. બાંધકામ સાઈટ, શાળા, હોસ્પિટલો સહિતના સ્થળોએ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

### તેલીબિયાંના ભાવમાં ઘટાડો ચાલુ રહ્યો હતો

## સાતમ આઠમનાં તહેવાર પહેલા જ સીંગતેલના ભાવમાં ઘટાડો

### સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં સતત મગફળીની આવકમાં હવે વધારો થશે, જેના કારણે સીંગતેલેના ભાવમાં આગળ પણ ઘટાડો થવાની ધારણા છે

। અમદાવાદ, તા.૨૨ ।

સાતમ આઠમનાં તહેવાર પહેલા રાહતના સમાચાર સામે આવ્યા છે. સીંગતેલના ભાવમાં પ્રતિ ડબ્બે ૪૦ રૂપિયાનો ઘટાડો થતાં મોંઘવારીના મોરચો થોડી રાહત મળી છે. જોકે આ ભાવ ઘટાડા પછી હજુ પણ સીંગતેલના ડબ્બાનો ભાવ ૩૦૦૦ રૂપિયાને પાર છે. રાજકોટમાં સીંગતેલનો ડબ્બો ૩૦૦૦ થી ૩,૦૪૦ રૂપિયા બોલાઈ રહ્યો છે. સૌરાષ્ટ્રમાં નવી મગફળીની આવકનાં પગલે ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં સતત મગફળીની આવકમાં હવે વધારો થશે. જેના કારણે સીંગતેલેના ભાવમાં આગળ પણ ઘટાડો ધવાની ધારણા છે.

વિદેશી બજારોમાં ખાદ્ય તેલ (ખાસ કરીને સૂર્યમુખી અને સોયાબીન તેલ)ના ઘટતા ભાવ વચ્ચે ગયા સપ્તાહે દિલ્હી તેલ-તેલીબિયાં બજારમાં ખાદ્યતેલો, તેલીબિયાંના ભાવમાં ઘટાડો ચાલુ રહ્યો હતો. સૂર્યમુખી તેલમાં આ ઘટાડાને કારણે લગભગ તમામ સ્થાનિક તેલ અને તેલીબિયાં અને સરસવ, સીંગદાણા તેલ અને તેલીબિયાં, સોયાબીન તેલ, ક્રૂડ પામ ઓઈલ અને પામોલિન અને કપાસિયા તેલના ભાવો પર દબાણ જોવા મળ્યું હતું. ખેડૂતોએ સસ્તા દરે સોયાબીન ન વેચવાને કારણે સોયાબીન તેલીબિયાંના ભાવ અગાઉના સ્તરે રહ્યા હતા. બજારના સૂત્રોએ જણાવ્યું હતું કે સમીક્ષા સપ્તાહ પહેલા સોયાબીન તેલનો ભાવ ઈ૧,૧૬૦ પ્રતિ ટન હતો, તે ઈ૧૦૦ ઘટીને ઈ૧,૦૬૦ પ્રતિ ટન થયો છે.

### બજારમાં ભાવ વધારાની મોસમ

## ચણાનો લોટ ૬૬ રૂપિયા કિલોથી વધીને ૮૦ રૂપિયા કિલો થયો

। અમદાવાદ, તા.૨૨ ।

બજારમાં ભાવ વધારાની મોસમ ચાલી રહી છે ત્યારે ચણાના લોટના ભાવમાં પણ ભડકો થયો છે. ચણાનો લોટ ૬૬ રૂપિયા કિલોથી વધીને ૮૦ રૂપિયા કિલો થઈ ગયો છે. જ્યારે કાબુલી ચણાના ભાવમાં કિલોએ ૩૦નો વધારો થયો છે. ભાવ પ્રતિ કિલો ૧૫૦ થઈ ગયો છે હાલમાં વરસાદી માહોલમાં મોટાભાગના ચણાના લોટનો ઉપયોગ વધારે પ્રમાણમાં થતો હોય છે. મોંઘવારીનો મારમોટાભાગના ફરસાણમાં પણ ચણાના લોટનો ઉપયોગ કરવામાં આવતો હોય છે ત્યારે ભાવ વધારા થવાના કારણે આવનારા સમયમાં ફરસાણમાં પણ હજુ પણ મોંઘવારી વધે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## સુરતમાં આદર્શ નગર સોસાયટી પાસે બીઆરટીએસ રૂટ પર ભુવો પડ્યો

। સુરત,તા.૨૨ ।

સુરતમાં ભૂવા પડવાનો સિલસિલો હજુ પણ યથાવત્ છે. સુરતમાં વધુ એક ભૂવો પડ્યો છે. વાત છે કાપોદ્રાની કે જ્યાં BRTS રૂટ પર જ ભૂવો પડ્યો. જેના કારણે બસને આવવા જવામાં મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. કાપોદ્રા ચાર રસ્તાથી અચર્ચના સ્કુલ તરફ જતા રસ્તા પર ભૂવો પડ્યો હતો. જો કે, માહિતી મળતા જ કોર્પોરેશનના અધિકારીઓ દોડતા થઈ ગયા હતા અને ભૂવાના સમારકામની પ્રક્રિયા શરૂ કરી હતી. સુરતમાં કાપોદ્રા સ્નેહ મુદ્રા આદર્શ નગર સોસાયટી પાસે BRTS રૂટમાં મસમોટો ભુવો પડ્યો હતો. બનાવની જાણ થતાં ફાયરની ટિમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગે ઝોન વિભાગમાં જાણ કરતા મનપાની ટિમ પણ ઘટના સ્થળે આવી હતી. જે બાદ BRTS રૂટ બંધ કરવામાં આવ્યો છે અને કામગીરી શરૂ કરવામાં આવી છે. મહત્વનું છે કે સુરતમાં હાલમાં મેઘ મહેર છે અને વરસાદ વરસી રહ્યો છે, ત્યારે રોડમાં ભુવા પડવાની ઘટનાઓ પણ સામે આવી છે. ભૂતકાળમાં પણ રોડમાં ભુવા પડવાની ઘટનાઓ પ્રકાશમાં આવી ચૂકી છે ત્યારે હવે કાપોદ્રા વિસ્તારમાં રોડમાં ભુવો પડ્યો.

## જીએસટી વિભાગના અધિકારીને ધમકાવતા ભાંડો ફૂટ્યો

। અમદાવાદ, તા.૨૨ ।

કર્મકાંડનો વ્યવસાય કરતા શખ્સને સીએમઓના અધિકારી બનીને રૌફ મારવો ભારે પડ્યો છે. જીએસટી વિભાગના અધિકારીને ફોન કરીને ધમકી આપતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે તપાસ કરી સાયબર ક્રાઈમે આરોપીને ઝડપી લીધો છે. અમદાવાદ સાયબર ક્રાઈમે લવકુશ દ્વિવેદી નામના શખ્સની ધરપકડ કરી છે. આરોપીના કાકા ઉંઝામાં પેઢી ધરાવી વેપાર ધંધો કરે છે. જીએસટી વિભાગના અધિકારી દ્વારા આ પેઢી પર સ્થળ તપાસ કરી હતી અને પેઢીના કેસની તપાસના કામે નોટિસ આપી હતી. જીએસટીના અધિકારીએ તેના કાકાની વિરૂદ્ધમાં કોઈ કાર્યવાહી ના થાય તે માટે સીએમઓનો ઉચ્ચ અધિકારી હોવાની ઓળખ આપી જીએસટી વિભાગના અધિકારીને ધાક ધમકી આપી હતી. જીએસટીના અધિકારીને શંકા જતા તેમણે સમગ્ર ઘટનાની જાણ સાયબર ક્રાઈમને કરી ફરિયાદ દાખલ કરાવી હતી.

**વિશેષ લેખ** | અંતરિક્ષમાં મહાશક્તિ દેશોની તીવ્ર હરીફાઈ । અંતિરક્ષમાં અમેરિકાને ઘેરશે રશિયા અને ચીન !

# ચંદ્રના ખજાના માટે લાગી રેસ !



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

રશિયા અને ચીન વચ્ચે સતત વધતી જતી મિત્રતા અમેરિકા માટે માથાનો દુઃખાવો બની છે. ત્યારે હવે અંતરિક્ષમાં પણ અમેરિકાને ઘેરવા માટે હવે રશિયા અને ચીને હાથ મિલાવ્યા છે. વર્ષ ૨૦૩૫ સુધીમાં બંને દેશો સાથે મળીને ચંદ્ર પર રિસર્સ સેન્ટર બનાવશે.

વિવિધ દેશોની સ્પેસ એજન્સીઓનું લક્ષ્યાંક મંગળ સુધી પહોંચવાનું છે. આ માટે તેમણે ચંદ્ર પર રિસર્ચ સેન્ટર જેવી પાયાની ચીજવસ્તુઓની જરૂરિયાત છે. આથી ચંદ્ર પર કોણ પોતાનું પહેલું કેન્દ્ર સ્થાપે છે તેને લઈને વિવિધ દેશો વચ્ચે હોડ જામી છે.

દુનિયાના દેશો વચ્ચે ચાલી રહેલી સ્પેસની રેસ હવે ફક્ત ચંદ્ર પર પગ મૂકવા પૂરતી સિમિત નથી રહી. બધા દેશોની નજર હવે સ્પેસમાં નિર્માણ કાર્ય પર છે. હાલમાં અમેરિકા અને ચીન વચ્ચે આ મામલે જોરદાર સ્પર્ધા જોવા મળી રહી છે. તેવામાં હવે ચીનને રશિયાનો સાથ મળતા આ સ્પર્ધા વધુ તીવ્ર બની છે.

ચીને પુષ્ટિ કરી છે કે તે ૨૦૩૫ સુધીમાં ચંદ્ર પર સંશોધન કેન્દ્ર બનાવવા માટે રશિયા સાથે સહયોગ કરશે. જે અમેરિકન સ્પેસ એજન્સી નાસાના લુનર ગેટવે સાથે સીધી સ્પર્ધા કરશે. ચીનની સ્પેસ એજન્સી ચાઈના નેશનલ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (CNSA)ના અધિકારીઓએ ઈન્ટરનેશનલ લુનર રિસર્ચ સ્ટેશન (ILRS) બનાવવાની યોજનાની પુષ્ટિ કરી છે. સીએનએસએના ડેપ્યુટી ડાયરેક્ટર વુ યાનહુઆએ બેઈજિંગમાં એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું કે રશિયા અને ચીનનું લક્ષ્યાંક વર્ષ ૨૦૩૫ સુધીમાં ILRS માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધકામ પૂર્ણ કરવાનો છે.

ILRS નાસાના લુનર ગેટવેને ટક્કર આપશે.જે અમેરિકન સ્પેસ એજન્સીના આગામી આર્ટેમિસ પ્રોગ્રામમાં મહત્વની ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. જો કે નાસાનો લુનર ગેટવે માત્ર ચંદ્રની પરિક્રમા કરશે. પરંતુ ILRSમાં પરિક્રમાની સાથે ચંદ્રની સપાટી પર એક બેઝ પણ સામેલ હશે. સાથે જ સંખ્યાબંધ તપાસ રોવર્સનો પણ તેમાં સમાવેશ કરશે. રશિયા અને ચીનનું આગામી ધ્યેય ચંદ્ર પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવાનું છે, જેમાં ઊર્જા, સંચાર અને લાઈફ સપોર્ટિંગ સિસ્ટમનો સમાવેશ થાય છે. જોકે ILRS પ્રોજેક્ટના દરવાજા અન્ય દેશો માટે પણ ખુલ્લા છે. વુ યાનહુઆએ કહ્યું કે અમે આંતરરાષ્ટ્રીય સહયોગીઓની વ્યાપક ભાગીદારીને આવકારીએ છીએ. આ પ્રોજેક્ટ રશિયા અને ચીનના અધિકારીઓ દ્વારા માર્ચ ૨૦૨૧માં સમજૂતી કરાર પર હસ્તાક્ષર સાથે શરૂ થયો હતો. અગાઉ રશિયાએ નાસાના ગેટવે પ્રોગ્રામમાં સામેલ થવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ રશિયાની સ્પેસ એજન્સી રોસ્કોસ્મોસ અને નાસાએ પણ એક અનૌપચારિક નિવેદન બહાર પાડ્યું હતું. પરંતુ રશિયાએ જાન્યુઆરી ૨૦૨૧માં જાહેરાત કરી હતી કે તે આ પ્રોજેક્ટનો ભાગ નહીં બને.

**અંતરિક્ષમાં હરીફાઈ હવે ચરમ સીમાએ પહોંચી છે**

અંતરિક્ષમાં ચીનને માત આપવા અમેરિકાની સેના આગળ આવી છે. હા,અમેરિકાહવે અંતરિક્ષમાં સ્પેસ સુપરહાઈવે બનાવવા જઈ રહી છે.આ સુપર હાઈવેનો ઉપયોગ કરીને, લોકો ભવિષ્યમાં ચંદ્રની યાત્રા કરશે. અમેરિકન સિસ્ટમમાં બિઝનેસ પાર્ટનર્સ અને સહયોગીઓ હશે જે ભવિષ્યમાં આ હાઈવેનો ઉપયોગ કરીને ચંદ્ર અને તેની આગળ વારંવાર મુસાફરી કરશે. હાઈવેમાં રિફ્યુઅલિંગ, સ્પેસક્રાફ્ટ રિપેરિંગ અને કચરો ફેંકવાની સુવિધાઓ હશે.





ચીન અવકાશમાં એક વિશાળ 'મેગાસ્ટ્રક્ચર' બનાવે તે પહેલા અમેરિકાનો સુપરહાઈવે તૈયાર થાય તેવો પ્રયાસ અમેરિકી સેના કરી રહી છે. એક સેમિનારમાં સ્પેસ ફોર્સના બ્રિગેડિયર જનરલ જોન ઓલસને કહ્યું કે, 'અમે વિવિધ દેશોની નીતિઓ, ખાસ કરીને ચીનની નીતિ જોઈ છે. અમે અમારા ભાગીદારોની મદદથી આ કરવા માટે પ્રથમ બનવા માંગીએ છીએ કારણ કે આ રીતે અમે ધોરણો નક્કી કરીએ છીએ અને સિદ્ધાંતો બનાવીએ છીએ જેના પર અમે આધાર રાખીએ છીએ.

આમ હવે ચીન અને અમેરિકા વચ્ચે ચંદ્રને લઈનેજંગ છેડાઈ ચુક્યો છે.જનરલ જ્હોને ચીન પર નિશાન સાધ્યું છેઅને હવે અમેરિકા અને ચીન ફરીથી ચંદ્ર પર પહોંચવાની રેસમાં લાગેલા છે. બંને ભવિષ્યમાં ચંદ્રના કયા ભાગ પર આધાર બનાવવો તે જગ્યા શોધી રહ્યા છે. બીજી તરફ ચાઈનીઝ ડ્રેગન પૃથ્વીની ભ્રમણકક્ષામાં કેટલાક કિલોમીટર વિશાળ 'મેગાસ્ટ્રક્ચર' બનાવવાની પણ તૈયારી કરી રહ્યું છે. આમાં સોલાર પાવર પ્લાન્ટ, ટૂરિસ્ટ કોમ્પ્લેક્સ, ગેસ સ્ટેશનથી લઈને એસ્ટરોઈડ માઈનિંગની સુવિધા પણ ઉપલબ્ધ હશે. પંચવર્ષીય યોજનાની જાહેરાત કરતા, નેચરલ સાયન્સ ફાઉન્ડેશન ઓફ ચાઈનાએ સંશોધકોને ટેકનોલોજી અને ટેકનિક વિકસાવવાની સૂચના આપી છે. ચીન ૨૦૩૫ સુધીમાં સ્પેસમાંથી વીજળી લેશે. આ સ્ટ્રક્ચરના નિર્માણમાં ઓછા વજનની સામગ્રીનો ઉપયોગ કરવામાં આવશે જેથી તેને હાલના રોકેટ સાથે ભ્રમણકક્ષામાં પહોંચાડી શકાય. વૈજ્ઞાનિકોને ભ્રમણકક્ષામાં વસ્તુઓ ગોઠવવા અને નિયંત્રિત કરવા માટે ટેકનોલોજીની પણ જરૂર પડશે. ચીની સરકારે કહ્યું છે કે અવકાશમાં મેગાપ્રોજેક્ટ્સની તાત્કાલિક જરૂરિયાત છે જેને વિશાળ સ્પેસ ઉડાનની જરૂર પડશે જેથી તેમને ભ્રમણકક્ષામાં મૂકી શકાય. લગભગ એક માઈલ પહોળા સૌર ઉર્જા મથક ધરાવતો આ પ્રકારનો આ પહેલો પ્રોજેક્ટ છે જે ૨૦૩૫ સુધીમાં ચીનના ગ્રીડને વીજળી પહોંચાડી શકશે.

અન્ય પ્રોજેક્ટ્સમાં આવા ઘણા મોટા ભ્રમણકક્ષાના પ્લેટફોર્મનો સમાવેશ થશે. જે ઘણા માઈલ અંતરિક્ષને આવરી લેવામાં સક્ષમ હશે. તેમની સામે, ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન વામણું દેખાશે, જે લગભગ ૩૫૦ ફૂટ પહોળું છે. આ મેગાસ્ટ્રક્ચરમાં અનેક સ્પેસ સ્ટેશનો હશે જે ભ્રમણકક્ષામાં વિવિધ સ્થળોએ હાજર રહેશે. ચીને પહેલેથી જ અંતરિક્ષમાં પોતાનું સ્પેસ સ્ટેશન તિયાંગોંગ સ્થાપિત કર્યું છે. તે અવકાશમાં નવા સંશોધન મોડ્યુલ અને ટેલિસ્કોપ મોકલીને તેનું કદ વધારવાની યોજના ધરાવે છે

ચીન તેના સ્પેસ સ્ટેશન દ્વારા અમેરિકાના નાસાને પડકાર આપવા માંગે છે. વાસ્તવમાં, નાસા અન્ય ઘણા યુરોપિયન દેશો સાથે મળીને આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશનનું સંચાલન કરી રહ્યું છે. આ સ્પેસ સ્ટેશન પર હાલમાં સાત અવકાશયાત્રીઓ છે.

ન્યૂઝ બ્રિફ

## સજના હૈ મુઝે, સજના કે લિયે, કાકા એ કર્યો અદ્ભુત ડાન્સ



। નવી દિલ્હી, તા.૨૨ ।

સોશિયલ મીડિયા પર તમે જાતજાતના વીડિયો જોતો હશો, પરંતુ તેમાંથી કેટલાક એવા હોય છે કે, જેના પર તમે કશું જ વિચારતા કે સમજી શકતા નથી, બસ તે જોઈ તમે હસ્યા જ કરો છો. હાલમાં એક વૃદ્ધ વ્યક્તિનો આવો જ એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે મહિલાના અવાજમાં ગાયેલા ગીત પર અદ્ભૂત ડાન્સ કરી રહ્યો છે. તમે લતા મંગેશકરનું સુંદર ગીત સજના ??હૈ મુઝે, સજના કે લિયે.' સાંભળ્યું જ હશે અને તેના વર્ઝન પર લોકોને વિવિધ પ્રકારના ડાન્સ કરતા પણ જોયા હશે. જોકે, આજે અમે તમને જે ડાન્સ બતાવવા જઈ રહ્યા છીએ તે તમે ભાગ્યે જ જોયો હશે, કારણ કે, અહીં કોઈ છોકરી નથી પરંતુ એક કાકા છે જે એકદમ ફીલ સાથે ડાન્સ કરી રહ્યા છે. એક ઉત્સાહી અને ઓલરાઉન્ડર કાકાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે.

## એઆઈએસના કર્મીઓ હવે કેરિયરમાં બે વર્ષની પેઈડ લિવ લઈ શકશે




। નવી દિલ્હી, તા.૨૨ ।

કેન્દ્ર સરકારે ઓલ ઈન્ડિયા સર્વિસ (એઆઈએસ)ના કર્મચારીઓ માટે રજાઓને લઈને નિયમમાં સુધારો કરવામાં આવ્યો છે. જે પછી હવે આ કર્મચારીઓ તેમના પુરા કરિયર દરમ્યાન બે વર્ષની પેઈડ લીવ લઈ શકે છે. આ રજા સરકાર તરફથી બે બાળકોના દેખરેખ માટે વધુમાં વધુર વર્ષ સુધી રજા આપવામાં આવશે. ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ અને ટ્રેનિંગ (ડુપીટી)એ હાલમાં નવું નોટીફિકેશનની જાહેર કર્યુ છે. આ જાહેરનામાંને ૨૮ જુલાઈના રોજ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે રાજ્ય સરકારો સાથે વાતચિત બાદ ઓલ ઈન્ડિયા સર્વિસ ચિલ્ડ્રેન લીવ રુલ ૧૯૯૫ મુજબ કેન્દ્ર સરકાર દ્વારા સુધારો કરવામાં આવ્યો છે.

## ઉ.ભારતના અનેક ભાગમાં સપ્તાહના અંતથી ચોમાસું વિરામ લેશે



। ન્યુયોર્ક, તા.૨૨ ।

ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં છેલ્લા ઘણા દિવસોથી ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. હવામાન વિભાગનું કહેવું છે કે આ સપ્તાહના અંતથી ઉત્તર ભારતના ઘણા ભાગોમાં ચોમાસામાં વિરામ આવી શકે છે. બીજી તરફ પહાડી વિસ્તારોમાં વરસાદ ચાલુ રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે-ત્રણ દિવસમાં ચોમાસું તેની સામાન્ય સ્થિતિથી ઉત્તર તરફ આગળ વધશે તેમજ આ અલ-નીનો અસર પણ હોઈ શકે છે.



ગાઝા સિટીની પૂર્વમાં, ઇઝરાયેલ સાથેની સરહદે અથડામણ દરમિયાન ઇઝરાયેલી સૈનિકો દ્વારા છોડવામાં આવેલા ટીયર ગેસને શ્વાસમાં લીધા પછી એક પેલેસ્ટિનિયન બાળકને લઈ જવામાં આવે છે.

### રશિયાનું યાન ચંદ્ર પર ઊતરવામાં નિષ્ફળ

## ચાર વર્ષમાં ચાર દેશને ચંદ્ર પર ઊતરવામાં નિષ્ફળતા મળી

। નવી દિલ્હી, તા.૨૨ ।

વિશ્વની નજર રશિયાના લુના-૨૫ અને ભારતના ચંદ્રયાન-૩ વચ્ચેની રેસ પર હતી. દરમિયાન સમાચાર આવ્યા કે લુના-૨૫ ચંદ્ર પર ઉતરવામાં નિષ્ફળ ગયું છે. જો કે છેલ્લા ચાર વર્ષના રેકોર્ડ પર નજર કરીએ તો લગભગ ચાર દેશો એવા છે જેમને ચંદ્ર પર ઉતરવામાં નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો છે. ખાસ વાત એ છે કે તેમાંથી એક માત્ર ભારત જ છે જેણે ચંદ્રયાન-૨ની નિષ્ફળતા બાદ ચંદ્ર પર પાછા ફરવાની હિંમત એકઠી કરી છે. ભારત (ચંદ્રયાન-૨), ઈઝરાયેલ (બેરેશીટ), જાપાન (હાકુટો-આર) અને રશિયા (લુના-૨૫) એ ચાર દેશોમાં સામેલ છે જ્યાં ખાનગી અવકાશ એજન્સીઓ અથવા સરકારોએ ચંદ્ર સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો છે. તે બધાને મિશનમાં નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો. રસપ્રદ વાત એ છે કે દરેક વખતે લેન્ડિંગની અંતિમ પ્રક્રિયા દરમિયાન વાહનો ફેલ થયા અને ચંદ્રની સપાટી પર ક્રેશ થયા હતા.વર્ષ ૨૦૧૯માં, ભારતીય અવકાશ સંશોધન સંસ્થા એટલે કે ઈસરોના તત્કાલીન અધ્યક્ષ કે સિવને લેન્ડિંગ પ્રક્રિયાને '૧૫ મિનિટનો આતંક' ગણાવી હતી. હવે ખાસ વાત એ છે કે ચંદ્ર પર ઉતરવાની કોશિશ કરનારા દેશોમાં ભારત એકમાત્ર એવો દેશ છે, જે બીજીવાર પ્રયાસ કરી રહ્યો છે.

### વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, તેનું કારણ અંતરિક્ષમાં ભારે ગ્રહો છે, ખગોળશાસ્ત્રીઓ કહે છે કે ગેલેક્સીમાં ગ્રહો છે

# પૃથ્વીથી દૂર જઈ રહ્યો છે ચંદ્ર, દર વર્ષે ૩.૮ સેમી સરકી રહ્યો છે

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતીય અવકાશ સંશોધન દ્વારા મોકલવામાં આવેલ ચંદ્રયાન-૩ બે દિવસ પછી એટલે કે ૨૩ ઓગસ્ટે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કરશે. મજાની વાત એ છે કે માણસ સતત ચંદ્રની નજીક જવાનો પ્રયત્ન કરતો રહે છે. તે જ સમયે, ચંદ્ર દર વર્ષે ધીમે ધીમે પૃથ્વીથી દૂર જઈ રહ્યો છે. ચંદ્ર પૃથ્વીથી દૂર જવાની પ્રક્રિયા લાખો વર્ષોથી ચાલી રહી છે. જોકે, ખગોળશાસ્ત્રીઓને લગભગ ૬૦ વર્ષ પહેલા આ વિશે માહિતી મળી હતી. હવે વૈજ્ઞાનિકોએ ચંદ્રને દૂર કરવાની ગતિ અને તેની અસરનો અંદાજ લીધો છે.



ખગોળશાસ્ત્રીઓના મતે, ચંદ્ર દર વર્ષે પૃથ્વીથી લગભગ ૩.૮ સેમી દૂર જઈ રહ્યો છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, તેનું કારણ અંતરિક્ષમાં ભારે ગ્રહો છે. ખગોળશાસ્ત્રીઓ કહે છે કે ગેલેક્સીમાં ગ્રહો છે. દરેક ગ્રહનું પોતાનું સંતુલન હોય છે. બધા ગ્રહો એકબીજાને આકર્ષે છે. જેના કારણે ચંદ્ર પૃથ્વીથી દૂર જઈ રહ્યો છે. વિજ્ઞાનીઓનું માનવું છે કે અવકાશની ઘટનાને કારણે પૃથ્વી પરથી ડાયનાસોરની પ્રજાતિ સંપૂર્ણપણે અદ્રશ્ય થઈ ગઈ. વિજ્ઞાનીઓનું કહેવું છે કે, અબજો વર્ષોથી પૃથ્વીના સૌરમંડળથી દૂર જતા ચંદ્રની પ્રક્રિયાને કારણે આપણા દિવસની લંબાઈ બદલાઈ રહી છે. એક નવા સંશોધને આ ખગોળીય ઘટનામાં રસ થોડો વધુ વધાર્યો છે. હાલમાં, ચંદ્ર આપણા ગ્રહ પૃથ્વીથી લગભગ ૩ લાખ ૮૪ હજાર ૪૦૦ કિમી દૂર છે. વૈજ્ઞાનિકોના મતે લગભગ ૨૪૫ કરોડ વર્ષ પહેલા ચંદ્ર પૃથ્વીથી લગભગ ૩ લાખ ૨૧ હજાર ૮૬૯ કિલોમીટરના અંતરે હતો. બીજા શબ્દોમાં કહીએ તો આ સમયગાળા દરમિયાન પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર ૬૨ હજાર ૫૩૧ કિમી વધી ગયું છે. હવે જેમ જેમ ચંદ્ર પૃથ્વીથી દૂર જઈ રહ્યો છે તેમ તેમ આપણા દિવસના કલાકો વધી રહ્યા છે. ખગોળશાસ્ત્રીઓનું અનુમાન છે કે, ૨૪૫ મિલિયન વર્ષો પહેલા, જ્યારે ચંદ્ર પૃથ્વીની હવેની તુલનામાં વધુ નજીક હતો, ત્યારે એક દિવસમાં માત્ર ૧૬.૯ કલાક હતા.

### ચંદ્રની સપાટી પર ઉતરવાની રશિયાની આશા તૂટી

## લુના-૨૫ના ક્રેશથી રશિયન અવકાશ વૈજ્ઞાનિક આઘાતમાં, તબિયત લથડી

### રશિયાના ટોચના વૈજ્ઞાનિક મિખાઇલ મારોવની તબિયત બગડી અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા

। મોસ્કો, તા.૨૨ ।

ચંદ્રની સપાટી પર ઉતરવાની રશિયાની આશા ત્યારે તૂટી ગઈ જ્યારે તેનું ચંદ્ર મિશન લુના-૨૫ ક્રેશ થયું. લુના-૨૫ના ક્રેશથી રશિયન અવકાશ વૈજ્ઞાનિકોને મોટો ઝટકો લાગ્યો છે. આ કારણે રશિયાના ટોચના ભૌતિકશાસ્ત્રીની તબિયત લથડી હતી અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. મળેલા અહેવાલો અનુસાર રશિયાના લુના મિશનના ક્રેશના થોડા કલાકો પછી રશિયાના ટોચના વૈજ્ઞાનિક મિખાઈલ મારોવની તબિયત બગડી અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. અહેવાલો મુજબ લુના-૨૫ મિશનની નિષ્ફળતાથી તેમને ઝટકો લાગ્યો છે. દાખલ થયા બાદ હોસ્પિટલમાં મીડિયા સાથે વાત કરતા મિખાઈલ મારોવે ચંદ્ર મિશનની નિષ્ફળતા પર કહ્યું હતું કે 'તપાસ હજુ ચાલુ છે પરંતુ મારે શા માટે ચિંતા ન કરવી જોઈએ, તે મારા સંપૂર્ણ જીવનનો સવાલ છે, હું તેનાથી દુખી છું.મારોવે કહ્યું કે 'અમે ચંદ્ર પર યોગ્ય રીતે લેન્ડિંગ ન કરી શક્યા, તે દુ:ખદ છે. મારા માટે અમારો મૂન પ્રોગ્રામ ફરીથી શરૂ કરવાની આ છેલ્લી તક હતી. લુના-૨૫ મિશન સાથે રશિયાએ સોવિયેત યુગના લુના પ્રોગ્રામને પુનઃપ્રારંભ કરવાની આશા વ્યક્ત કરી હતી, પરંતુ રવિવારે રશિયન અવકાશ એજન્સી રોસકોસમોસે પુષ્ટિ કરી હતી કે લુના-૨૫ મિશન સાથેનો સંચાર તૂટી ગયો હતો. ત્યાર બાદ તે ક્રેશ થયું અને મિશન નિષ્ફળ ગયું. રશિયન સ્પેસ એજન્સીએ જણાવ્યું હતું કે લુના-૨૫ મિશન લેન્ડિંગ પહેલા ભ્રમણકક્ષામાં ટેકનિકલ ખામીને કારણે નિયંત્રણ બહાર જતું રહ્યું હતું અને આખરે ચંદ્રની સપાટી પર ક્રેશ થયું હતું. રશિયન સ્પેસ એજન્સીનો શનિવારે જ લુના-૨૫ સાથે સંપર્ક તૂટી ગયો હતો. ગઈકાલે લુના-૨૫ ચંદ્રની સપાટી પર ઉતરવાનું હતું.

### કોરોનાના પહેલા-બીજા વેવમાં ૧૪ દિવસથી વધુ હોસ્પિટલમાં રહેનારને આડઅસર

## કોરોનાનો શિકાર કુલ દર્દીઓ ૬.૫ ટકા એક વર્ષમાં મૃત્યુ પામ્યા

### જો કે, આમાંથી ૭૩.૩ ટકા લોકો એવા હતા જેઓ ઓછામાં ઓછા એક અથવા વધુ રોગોથી પીડિત હતા

। નવી દિલ્હી, તા.૨૨ ।

કોરોનાના પહેલા અને બીજા વેવ દરમિયાન, ૬.૫ ટકા લોકો જેમને કોરોના વાયરસના ચેપની ગંભીર અસર થઈ હતી અને ૧૪ દિવસ કે તેથી વધુ સમય માટે હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું, તેઓ એક વર્ષમાં મૃત્યુ પામ્યા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના એક અભ્યાસમાં આ વાત સામે આવી છે. જો કે, આમાંથી ૭૩.૩ ટકા લોકો એવા હતા જેઓ ઓછામાં ઓછા એક અથવા વધુ રોગોથી પીડિત હતા. નેશનલ ક્લિનિકલ રજિસ્ટ્રી ફોર કોવિડ-૧૯ (એનસીઆરસી) ના સંશોધકોએ એક વર્ષ માટે દેશના વિવિધ પ્રદેશોમાં સ્થિત ૩૧ હોસ્પિટલોમાં ગંભીર રીતે દાખલ થયેલા પરંતુ બાદમાં સ્વસ્થ થયેલા દર્દીઓને સર્વેમાં ધ્યાનમાં લીધા હતા. આ દરમિયાન દર ત્રણ મહિને કુલ ૧૪૪૧૯ દર્દીઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, એક વર્ષમાં ૬.૫ ટકા એટલે કે ૯૫૨ દર્દીઓના મોત થયા



છે. આ અભ્યાસ ઈન્ડિયન જર્નલ ઓફ મેડિકલ રિસર્ચના તાજેતરના અંકમાં પ્રકાશિત થયો છે. એવું જોવામાં આવ્યું હતું કે પુરુષોનો મૃત્યુ દર સ્ત્રીઓ કરતાં ૬૫ ટકા વધુ હતો. અન્ય મૃત્યુ ડિસ્ચાર્જ થયાના ૧૦ દિવસમાં થયા છે. આમ ડિસ્ચાર્જનો સરેરાશ સમયગાળો ૨૮ દિવસ નક્કી કરવામાં આવ્યો છે. આંકડાઓ એ પણ દર્શાવે છે કે યુવાન લોકો માટે મૃત્યુ દર ઓછો હતો અને વૃદ્ધ લોકો માટે ઘણો વધારે હતો. આઈસીએમઆરએ કોવિડ પર આ એક સહિત કુલ ત્રણ અભ્યાસ શરૂ કર્યા હતા. બાકીના બે અભ્યાસો પણ ટૂંક સમયમાં પ્રકાશિત થાય તેવી શક્યતા છે. એક ૧૮-૪૫ વર્ષની વયના લોકોમાં કોવિડ રસીના ગંઠાઈ જવા પર અને બીજું સમાન વય જૂથના લોકોના અચાનક મૃત્યુ પર છે. આમ ડિસ્ચાર્જનો સરેરાશ સમયગાળો ૨૮ દિવસ નક્કી કરવામાં આવ્યો છે. આંકડાઓ એ પણ દર્શાવે છે કે યુવાન લોકો માટે મૃત્યુ દર ઓછો હતો અને વૃદ્ધ લોકો માટે ઘણો વધારે હતો. આઈસીએમઆરએ કોવિડ પર આ એક સહિત કુલ ત્રણ અભ્યાસ શરૂ કર્યા હતા. બાકીના બે અભ્યાસો પણ ટૂંક સમયમાં પ્રકાશિત થાય તેવી શક્યતા છે. એક ૧૮-૪૫ વર્ષની વયના લોકોમાં કોવિડ રસીના ગંઠાઈ જવા પર અને બીજું સમાન વય જૂથના લોકોના અચાનક મૃત્યુ પર છે.

## ભારતના પ્રજ્ઞાનાનંદાનો ફેબિયા કારૂઆના સામે વિજય

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનાનંદાએ ગઈકાલે ફિડે વર્લ્ડ કપ ચેસ ટૂર્નામેન્ટની સેમિફાઈનલમાં વિશ્વના ત્રીજા નંબરના ખેલાડી ફેબિયાનો કારુઆનાને ટાઈબ્રેકમાં ૩.૫-૨.૫થી હરાવ્યો હતો. બે મેચની ક્લાસિકલ સિરીઝ ૧-૧થી ડ્રોમાં સમાપ્ત થયા પછી, ૧૮ વર્ષીય પ્રજ્ઞાનાનંદાએ એક રોમાંચક ટાઈબ્રેકરમાં દિગ્ગજ યુએસ ગ્રાન્ડમાસ્ટરને હરાવી દીધો હતો. આજે યોજાનારી ફાઈનલમાં પ્રજ્ઞાનાનંદા હવે પાંચ વખતના ચેમ્પિયન નોર્વેના મેગ્નસ કાર્લસન સામે ટકરાશે, જેણે સેમિફાઈનલમાં અઝરબૈજાનના નિજાત અબાસોવને ૧.૫-૦.૫થી હરાવ્યો હતો. પ્રજ્ઞાનાનંદા આનંદ પછી વર્લ્ડ કપની સેમીફાઈનલમાં પહોંચનાર બીજો ભારતીય છે. તેણે વર્ષ ૨૦૨૪માં યોજાનારી કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટમાં પણ સ્થાન મેળવ્યું છે, જે ડીંગ લિરેનના ચેલેન્જરનો નિર્ણય કરશે. અનુભવી ખેલાડી બકી ફિશર અને કાર્લસન પછી કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થનાર પ્રજ્ઞાનાનંદા ત્રીજો સૌથી યુવા ખેલાડી છે. ફાઈનલમાં પ્રવેશ કર્યા પછી, પ્રજ્ઞાનાનંદાએ કહ્યું, મેં આ ટૂર્નામેન્ટમાં મેગ્નસ સામે રમવાની અપેક્ષા નહોતી રાખી કારણ કે હું તેની સામે ફક્ત ફાઈનલમાં જ રમી શકતો હતો અને મને ફાઈનલમાં પહોંચવાની અપેક્ષા નહોતી.

### મહારાષ્ટ્રનો ચોરીને લઈને ચોંકાવનારા કિસ્સો

## રૂપિયા એક કરોડની લૂંટ માટે જ્યોતિષ પાસેથી મુહૂર્ત કઢાવ્યું

### શુભ મુહૂર્ત પ્રમાણે લૂંટ કરી અને લૂંટમાં પણ સફળતા મળી પરંતુ ૪ મહિના બાદ લૂંટનો પર્દાફાશ થતા લૂંટારુઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા

। બારામતી, તા.૨૨ ।

લોકો સામાન્યતઃ લગ્ન કે નવી વસ્તુ ખરીદવા માટે જ્યોતિષથી શુભ મુહૂર્ત કઢાવતા હોય છે. પરંતુ મહારાષ્ટ્રના બારામતીમાં એક ચોંકાવનારી બાબત પ્રકાશમાં આવી છે, જ્યાં ચોરોએ ૧ કરોડ રૂપિયાની લૂંટ કરવા માટે જ્યોતિષીથી શુભ સમય કઢાવ્યો હતો. પછી શુભ મુહૂર્ત પ્રમાણે લૂંટ કરી અને લૂંટમાં પણ સફળતા મળી હતી. પરંતુ ૪ મહિના બાદ લૂંટનો પર્દાફાશ થયો હતો અને લૂંટારુઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. એક કરોડની લૂંટના કેસમાં પોલીસે જ્યોતિષી સાથે પાંચ લોકોની ધરપકડ કરી હતી. મળતી માહિતી મુજબ ચાર મહિના પહેલા બારમતી તાલુકા પોલીસ સ્ટેશન હેઠળના દેવકાટેનગરમાં રહેતા એક વ્યક્તિના ઘરે રાત્રે આઠ વાગ્યે લૂંટારુઓએ તેની પત્નીના હાથ અને પગ બાંધીને રૂપિયા, મોબાઈલ સહિત કુલ એક કરોડ સાત રૂપિયાની ચોરી કરી હતી. આ વ્યક્તિ રિયલ એસ્ટેટમાં કામ કરતો હતો. આટલી મોટી ચોરીની ગંભીરતા જોઈને સ્પેશિયલ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીલે ખુદ આ ચોરીની તપાસ પર ધ્યાન આપ્યું હતું. પોલીસ અધિક્ષકે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમો નિયુક્ત કરી હતી.

### હરિયાણા મ્યૂઝિક ઈન્ડસ્ટ્રી માટે ઘણી મોટી ક્ષતિ

## હરિયાણાના ફેમસ સિંગર રાજુ પંજાબીનું અંતે નિધન

### હરિયાણવી સિંગર રાજુ પંજાબી 'દેશી-દેશી ના બોલ્યા કર છોરી રે' ગીતથી સમગ્ર દેશમાં ફેમસ થઈ ગયા હતા

। હિસાર, તા.૨૨ ।

હરિયાણાના ફેમસ સિંગર રાજુ પંજાબીનું નિધન થઈ ગયું છે. રાજુ પંજાબી છેલ્લા ઘણા સમયથી બીમાર હતા. હિસારની એક ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. બીમારીના કારણે તેમણે ૪૦ વર્ષની ઉંમરમાં અંતિમ શ્વાસ લીધા છે અને દુનિયાને અલવિદા કહી દીધું છે. હરિયાણવી સિંગર રાજુ પંજાબીનું આજે તેમના પૈતૃક ગામ રાવતસરમાં અંતિમ સંસ્કાર કરવામાં આવશે. રાજુ પંજાબીનું નિધન હરિયાણા મ્યૂઝિક ઈન્ડસ્ટ્રી માટે ઘણી મોટી ક્ષતિ છે. રાજુ પંજાબી અને હરિયાણવીમાં અનેક હિટ ગીત ગાઈ ચૂક્યા છે. તેઓ કમળાથી પીડિત હતા. ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ પાછી અચાનત તેમની તબિયત લથડતા તેમને બીજી વખત દાખલ કરવામાં આવ્યા હતા. રાજુ પંજાબીના આમ અચાનક નિધનથી તેમના ફેન્સ અને પરિવાર આઘાતમાં છે. હરિયાણવી સિંગર રાજુ પંજાબી 'દેશી-દેશી ના બોલ્યા કર છોરી રે' ગીતથી સમગ્ર દેશમાં ફેમસ થઈ ગયા હતા. રાજુ પંજાબીને હરિયાણા ઉપરાંત પંજાબ અને રાજસ્થાનમાં પણ ખૂબ સાંભળવામાં આવતા હતા. તેઓ હરિયાણાનો ફેમસ ચહેરો હતા.

## તંત્રી લેખ...

# ધર્મથી સાયન્સ છે સાયન્સથી ધર્મ નથી

આજના સમયમાં ધર્મ અને સાયન્સ મુદ્દે ઘણી ચર્ચાઓ થતી જ રહેતી હોય છે દેશ અને દુનિયાના ખુણે ખાચરે જ્યારે સંસ્કૃતિ, ધર્મ, માનવ જેવા શબ્દોને નિચોડીને અલગ જ ચશ્માથી જોવામા આવે એને હાલના સમયમાં સાયન્સ કહેવામાં આવે છે પુરાણ, શ્લોકોને છોડીને એના ફાયદા ગણાવીને લોકોના ગળામાં ઉતારી પાડવામાં આવે લગભગ એજ પરિસ્થિતિને સાચા અર્થમાં શું સાયન્સ કહેવામાં આવે છે ? ચંદ્ર સુર્ય પૃથ્વી અને અનંત બ્રહ્માડમાં ફરતા તારાઓ સુધી અને ધરતી ઉપર રહેલા તમામ કણો સુધી એક આકળાઓનું વિશ્લેષણ એટલે સાયન્સ કહેવાય છે. પરંતુ ક્યાંકને ક્યાંક ટીવીના માધ્યમથી રેડીયોના માધ્યમથી મોબાઈલના માધ્યમથી સાયન્સના નામે ધર્મને તોડી મરોડીને બતાળીને લોકો પોતાના ગજવા તો ભરી જ રહ્યા છે સાથે સાથે ધર્મથી લોકોને દુર કરીને પોતાની દુકાનો ચલાવવા માટે બોલીવુડ, હોલીવુડ, ટીવી, મોબાઈલ, સિરીયલો, યુ ટ્યુબ ચેનલો ઉપર અધુરા ગ્યાનવાળા લોકો બેસીને માત્રને માત્ર લોકોનું બ્રેન વોશ કરતા હોય છે ટર્મ એન્ડ કંડીશનમાં માનવા વાળા મોટી મોટી ચોપડી ભણેલા લોકો એક્ટ ઓફ ગોડનું નામ આપીને પોતાની પોલીસીઓમાં બચવા માટેની બારી તો ગોતી જ લે છે પરંતુ ગોડ, ઈશ્વર, ભગવાન, ખુદાને માનવાનું તો ઈન્કાર કરે છે પરંતુ તેઓના નામે પોતાની દુકાન જરૂરથી ચલાવી લે છે ધર્મમાં માત્ર પ્રેમ અને આદર જ હોય છે જેનાથી આખા વિશ્વમાં બધા જ પોતાના અને અન્ય ધર્મના માણસોને આદર કરતા હોય છે એક તરફ સાયન્સ એવુ જણાવે છે કે બ્રહ્માંડની રચના બિગબેંગમાં થઈ અને પૃથ્વીનો જન્મ થયો ત્યારે સવાલ એ થાય છે કે બિગબેંગ થવા પાછળ અને આવા મોટા ગૃહો બ્રહ્માંડમાં તરતા કોણે મુક્યા હશે મનુષ્ય માત્ર કોષીકાઓ અને નાના કણોથી રચીત છે તો પછી સાયન્સ કેવી રીતે કુદરતના નિયમોને કે કુદરતને ઠુકરાવી શકે છે, પરંતુ હાલના સમયમાં લોકો થોડુક જ સાયન્સનું ક્ષાન લઈને પોતાને કુદરતના નિયમોને ચેલેન્જ કરવા જાય છે, બધી જ વાતો જેમ કે જીવન જીવવાનો નિયમ રહેવાનો નિયમ રાત્રીના સમયે ઉંઘવાનું અને તમામ નિયમો શાસ્ત્રો, ગ્રંથો અને તમામ પવિત્ર કિતાબોમાં લખેલુ જ છે અને આ નિયમો ન પાળવા અથવા પાળવાથી શું સારુ અને શું ખોટુ થઈ શકે છે તેનું પણ જ્ઞાન મળતું જ હોય છે આંકળાઓનું જાળ જે રીતે કુદરતે વિકસીત કર્યુ છે જેમ કે શરીરમાં રહેલા જીવાણુ શુકાણુ અને રાત દિવસ એમ ૨૪ ક્લાક હોય કે પછી ૭ દિવસ ૩૬૫ દિવસ સમગ્ર આંકડાઓનું વિવરણ સમજવાની તાકાત તમામ કે તમામ ધર્મે પ્રદાન કરેલી છે. હા બિલકુલ સાયન્સ સમજવા ખાતર એક પ્રયોગ છે પરંતુ એ સાયન્સને સમજવાની તાકાત માત્રને માત્ર ધર્મે જ આપેલી છે.

## એક પાર્ટીથી બીજામાં જવાનો સિલસિલો

રાજનીતિને લઈને કહેવામાં આવે છે કે અહી સમયની સાથે સાથે સંબંધો પણ બદલાઈ જાય છે. લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે એક પાર્ટીમાંથી બીજી પાર્ટીમાં જવાનો સિલસિલો હવે શરૂ થઈ ગયો છે. એક પાર્ટીમાંથી બીજી પાર્ટીમાં જવાનો સિલસિલો જારી છે. નવી નવી નાની પાટી બનાવવામાં આવી રહી છે. એક સમય ભાજપની સાથે રહેલા ઉદ્ધવ ઠાકરે, નીતિશ કુમાર, ચદ્રબાબુ નાયડુ જેવા લીડરો એનડીએને પરાજિત કરવા રણનિતી અપનાવી રહ્યા છે. એક સમય હતો જ્યારે ટીડીપી નેતા અને આંધ્રપ્રદેશના ચન્દ્રબાબુ નાયડુ એનડીએના સૌથી વિશ્વાસપાત્ર નેતા તરીકે હતા. અડવાણી યુગ બાદ મોદી યુગમાં પણ તેમના સંબંધ સારા રહ્યા હતા. જો કે ધીમે ધીમે તેમના સંબંધ એનડીએ સાથે વણસતા રહ્યા હતા. આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાની માંગ સ્વીકારવામાં ન આવતા આખરે નાયડુ એનડીએ સાથે અલગ થઈ ગયા હતા. આજે નાયડુ એનડીએના સૌથી મોટા વિરોધી તરીકે ઉભરી રહ્યા છે. આવી જ રીતે શિવ સેનાના આજે ભાજપ સાથે સંબંધ નથી. ઉદ્ધવ ઠાકરે ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટિકા કરતાનજરે પડે છે. નાયડુ આજે મોદી સરકારને કોઈ પણ રીતે હાર આપવા માટે દરેક રણનિતી તેઓ અપનાવી રહ્યા છે. નાયડુ વારંવાર કહી ચુક્યા છે કે તેઓ વડાપ્રધાન પદના ઉમેદવાર નથી પરંતુ રાષ્ટ્રીય રાજનીતિમાં નાયડુ સૌથી વધારે સક્રિય દેખાઈ રહ્યા છે. કિંગ મેકરની ભૂમિકા અદા કરવા માટેના પ્રયાસમાં લાગેલા છે. ભાજપ વિરોધી તમામ મોટા પક્ષોના નેતાઓને એક મંચ પર લાગવાના પ્રયાસમાં નાયડુ લાગેલા છે. ભાજપની સામે તમામ મોટા દિગ્ગજોને તેઓ એક મંચ પર લાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. આના ભાગરૂપે નાયડુમાં ડેરો જમાવી ચુક્યા છે. હાલમાં તેઓએ રાહુલ સહિત તમામ પાર્ટી નેતાઓન મળ્યા છે. થોડાક મહિના પહેલા એનડીએથી અલગ થઈ ચુકેલા ટીડીપી વડા અને આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ વિરોધ પક્ષોના મોટા નેતાઓને એક મંચ પર લાવવા માટેના મિશનમાં જોરદારરીતે લાગેલા છે. આજ હેતુસર નાયડુ દિલ્હીમાં જુદા જુદા નેતાઓ સાથે બેઠક યોજી ચુક્યા છે. નાયડુએ એનસીપી પ્રમુખ શરદ યાદવ અને નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા સાથે બેઠક યોજી છે. તમામ દળોના નેતાઓ સાથે બેઠકોને લઈને નાયડુ પહેલાથી જ ખુલાસો કરી ચુક્યા છે કે, રાષ્ટ્રીય સ્તર પર વિપક્ષી દળોનું ગઠબંધન બનાવવા તેમની ભૂમિકા રસ્તો કરનાર તરીકેની છે. મહા બેઠક બાદ ચંદ્રબાબુએ ફારુક અબ્દુલ્લા અને શરદ પવાર સાથે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી છે. નાયડુએ શરદ પવારને દેશના મોટા નેતા તરીકે ગણાવીને પોતાને નાના નેતા તરીકે ગણાવ્યા છે. લોકશાહી અને તપાસ સંસ્થાઓની સ્થિતિ સારી દેખાઈ રહી નથી. બીજા નેતાઓ સાથે પણ વાતચીત થઈ છે. નાયડુએ કહ્યું હતું કે, કોંગ્રેસના રાહુલ ગાંધી સાથે પણ વાતચીત થઈ છે. ૨૦૨૪ની ચૂંટણીમાં ભાજપનો સામનો કરવા માટે તમામ પક્ષોને એક સાથે લાવવામાં આવે તે જરૂરી છે. ભાજપના સાથી રહી નાયડુએ આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો ન મળવાથી નારાજ થઈને આ વર્ષની શરૂઆતમાં એનડીએ સાથે છેડો ફાડી દીધો હતો. નાયડુએ દિલ્હીમાં બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી અને ફારુક સાથે બેઠક યોજી હતી. રાજકીય ઘટનાક્રમનો દોર જોરદારરીતે ચાલી રહ્યો છે. લોકસભા ચૂંટણીમાં તમામ ક્ષેત્રિય પક્ષો પોતપોતની મહત્વકાંક્ષાઓ સાથે રણનીતિ બનાવવામાં લાગેલા છે. આવી સ્થિતિમાં નાયડુ પોતે પણ ભાજપ વિરોધી મોરચાને લઈને સક્રિય છે. માયાવતી અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે પણ જુદા જુદા મોરચાને લઈને આગળ વધી રહ્યા છે.

# શું મહાદેવ માત્ર મંદિરોમાં જ છે? માનવ મહેરામણ વાળા આ મહામંદિરમાં પણ ક્યાંક કોઈ અવધૂત મળી જાય, મળે જ, શું કામ ન મળે!સવાલ માત્ર આપણી ઉત્કંઠાનો છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હિન્દુ સંસ્કૃતિમાં કેટલાય દેવ દેવીના સ્વરૂપોની વાત કરવામાં આવી છે, અને લોકો એને શ્રદ્ધાથી પૂજતા પણ હોય છે. પરંતુ ભગવાન શંકર ને આરાધવા માટે આખો એક મહિનો શું કામ આપ્યો? એવો કોઈ પ્રશ્ન થાય તો લગભગ સૌનો મત એવો પડે કે, ભગવાન શંકર અન્ય દેવ કરતા ભોળો છે, અને એને આસાનીથી પ્રસન્ન કરી શકાય છે. પણ હમણાં થોડા વર્ષોથી શિવ શંકરને આરાધવામાં ક્યાંક ખોટ રહી ગઈ લાગે છે, કારણ કે ક્યાંક દુષ્કાળતો ક્યાંક અતિવૃષ્ટિ, તો ક્યાંક રોગચાળો અને મોંઘવારીના પડઘમ વાગી રહ્યા છે, ક્યાંક વરસાદ પ્રમાણમાં જોઈએ તેટલો થયો નથી, તો ક્યાંક ઉભા મોલ પાણી પણી થઈ જતાં પાક બળી ગયો છે. પહોંચતા અને મધ્યમ વર્ગના માણસો સિવાયના બધા ને કારમી મોંઘવારીની થપાટ લાગશે, અને મુંગા પશુઓનું બેલી કોણ થશે ! શ્રાવણે શંકર રૂઠે તો પછી બીજા કોને કહેવા જવું!! પરંતુ હજી પણ કાંઈ મોડું થયું નથી, હજી થોડા દિવસો બચ્યા છે, એમાં શિવ શંકરને મનથી ભજી લઈએ, તો કદાચ આપણી સમસ્યાનો ઉકેલ આવી જાય મંદિરોમાં દીપ માળ તો આપણે સદીઓથી કરતા આવ્યા છીએ,, હવે આત્મ દીપ પ્રગટાવીને શિવને આરાધીયે. શિવલિંગ પર અભિષેક પણ ઘણા સમયથી કરતા આવ્યા છીએ, ચંદનનું ત્રિપુંડ ધતુરાના ફૂલ બિલીપત્ર ચડાવ્યાં, પરંતુ તેમના ગળામાં ધારણ કરેલું નાગ નામનું ઘરેણું સમસ્યા બની આપણા જીવનમાં આળોટે છે. ઝેર બહાર હોય કે અંદર, નજરમાં આવે તો સમસ્યા છે. તો નવતર પ્રયોગ તરીકે આપણે શંકરને શુદ્ધ મનથી માત્ર યાદ કરી અને માનસિક રીતે તમામ પૂજાપાઠ કરી જોઈએ, આપણાં મનની શુદ્ધતા જોઈ તેને જરૂર મંદાકિનીની અનૂભૂતિ થશે, અને તે આપણી પોકાર જરૂર સાંભળશે. આમ પણ શું માત્ર મંદિરોમાં જ મહાદેવ છે? માનવીના મહેરામણ વાળા આ મહામંદિર પણ નજર કરી જોઈએ તો ક્યાંક કોઈ અવધૂત મળી જાય, મળે જ શું કામ ન મળે!સવાલ માત્ર આપણી ઉત્કંઠાનો છે.આજે આપણે આવી જ રીતે જાબાલિ ઋષિ એ પોતાની ઉત્કંઠા વડે શિવને પ્રસન્ન કર્યા હતાં ,એ ખેડા જિલ્લાના દહેગામ નજીક આવેલા ઉત્કંઠેશ્વર મહાદેવની વાત કરીશું. આ ઉત્કંઠેશ્વર મહાદેવ વાત્રક નદીના કિનારે આવેલું પ્રસિદ્ધ શિવ મંદિર છે .આ મંદિર ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના મુખ્ય મથક એટલે કે કપડવંજથી અઢાર કિલોમીટર અને આંતરસુંબા ગામથી આઠ કિલોમીટર દૂર આવેલું છે. મહાદેવના મંદિરની બાજુમાં આવેલ પગથિયાં ઊતરતાં સીધા વાત્રક નદીના પટમાં પહોંચી જવાય છે. અહીં નદીના પટમાં ઊંટની સવારી થાય છે, તેથી જ કદાચ આ મહાદેવ મંદિરને ઊંટડિયા મહાદેવ કહેવાય છે. ઉત્કંઠેશ્વર મહાદેવનાં મંદિરે બાળકોની મુંડન વિધિ થાય છે, તેથી ઉત્કંઠેશ્વર મંદિરની આસપાસ ધર્મશાળા ઓ આવેલી છે. પૌરાણિક કથા મુજબ વાત્રક નદીના કાંઠે આવેલ આ મહાદેવનું મંદિર આશરે બે હજાર વર્ષ જૂનું માનવામાં આવે છે.આ મંદિરની પૌરાણિક કથાની વાત કરીએ તો , અહીં જાંબાલી નામના ઋષિનો આશ્રમ હતો, જ્યાં ઋષિએ ધર્મ પરિષદ ભરી હતી.આ પરિષદ દરમિયાન આમંત્રિત તમામ ઋષિઓએ ફક્ત ચોખા રાંધીને ખાવાનો આગ્રહ રાખ્યો હતો, જાંબાલી ઋષિએ તે જ સમયે પોતાના તપબળથી ઝાંઝરીમાં ડાંગરનો પાક તૈયાર કરી અને ચોખા રાંધીને ઋષિગણને ભોજન પીરસ્યું હતું . માનવામાં આવે છે કે જાંબાલી ઋષિની ઉત્કાંઠાથી અહીં ભોળાનાથ પ્રગટ થયા હતા,આથી મંદિરને ઉત્કંઠેશ્વર મહાદેવ કહેવામાં આવે છે. બીજી એક કથા અનુસાર , જાંબાલી ઋષિએ મહંતોને જમવાનું આમંત્રણ આપ્યું હતું , તેઓએ જમતાં પહેલાં કહ્યું કે તેઓ શિવજીના દર્શન કરીને જ ભોજન ગ્રહણ કરે છે, તેથી જાંબાલી ઋષિએ તપ કરીને પોતાની ઉત્કૃષ્ઠ દ્વારા શિવજીનું આહવાન કરીને શિવલિંગનું નિર્માણ કર્યું . જાંબાલી ઋષિ અને મહંતોએ વાત્રક નદીના જળથી શિવલિંગ પર જળ અભિષેક કર્યો, ત્યારબાદ મહંતોએ ભોજન ગ્રહણ કર્યું . આ ઉપરાંત એવું પણ કહેવામાં આવે છે કે ઋષિમુનિ કાશીથી આ શિવલિંગ લાવ્યાં છે. લિંગનો દેખાવ ઊંટના તળિયા જેવો હતો , તેથી તેને ઊંટડિયા મહાદેવ પણ કહેવામાં આવે છે.

તથા એક લોકવાયકા મુજબ પાંડવોએ આ શિવલિંગનું નિર્માણ કર્યું હતું . મંદિરનું બંધારણ પણ દાદ માગી લે તેવું છે, ઉત્કંઠેશ્વર મહાદેવનું મંદિર પ્રથમ દ્રષ્ટિએ જ ભવ્ય વિશાળ અને આકર્ષણ છે. શિવાલયની ઊંચાઈ ૮૦ થી ૮૫ ફૂટ જેટલી છે. સાંપ્રત સમયમાં જોવા મળતું પૌરાણિક અને ભવ્ય શિવાલય કોણે અને ક્યારે બંધાવ્યું તેની આજ સુધી કોઈ માહિતી મળતી નથી. ખેડાની પાસે એક તરફ પિત્તળના વિશાળ મહાદેવ આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે . અહીં યાત્રાળુઓ, પૂજારીઓ શિવજીની પૂજા અભિષેક વગેરે કરે છે.મંદિરની પાસે નીચે નદી તરફ જવા માટે અંદાજે ૧૨૫ થી વધારે નાના મોટા પગથિયાં પાસે જ એક ઝરણું વહે છે . આ ઝરણું ‘ શાલિઝરણ’ના નામે ઓળખાય છે . મંદિરની વિશેષતા તથા આકર્ષણ ● આ મંદિર વાત્રક નદીના કાંઠે આવેલું છે, તથા બે હજાર વર્ષ કરતાં પ્રાચીન માનવામાં આવે છે.વાત્રક નદીમાં ઊંટ સવારી કરવાનો લહાવો અહીં મળે છે, દર વર્ષે મહાવદ ચૌદશના દિવસે ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવે છે . શ્રાવણ માસમાં દર સોમવાર અને રવિવાર મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ મંદિરની મુલાકાતે આવે છે.શ્રાવણ મહિનાની અમાસના દિવસે મેળો ભરાય છે.આ મંદિરની ખાસ વાત છે કે અહીં શિવલિંગ જમીનમાં આડું છે , જે ગુજરાતમાં માત્ર ઉત્કંઠેશ્વર ખાતે આવેલું છે . મંદિરના દર્શનનો સમય સવારે ૬.૦૦ વાગ્યાથી સાંજના ૭.૩૦ વાગ્યા સુધી. આરતીનો સમય સવારે ૬.૦૦ વાગે સાંજે ૭.૦૦ વાગે થાય છે.ઉતકઠેશ્વર કેવી રીતે જવું ? એવો પ્રશ્ન થાય તો ઉત્કંઠેશ્વર મહાદેવનું મંદિર દહેગામથી ૨૦ કિલોમીટર અને કપડવંજથી ૨૦ કિલોમીટર દૂર છે.ઉત્કંઠેશ્વર મંદિરના દર્શને જવા માટે તમને અમદાવાદ ,વડોદરા, સુરત , રાજકોટ જેવાં શહેરોથી કપડવંજ અને દહેગામ જતી બસ મળી રહેશે.આ મંદિર અમદાવાદથી ૫૪ કિલોમીટર , નડિયાદથી ૫૬ કિલોમીટરનું અંતર તેથી જો તમે રેલવે માર્ગે જવા ઈચ્છતા હોવ તો તમારે નડિયાદ અને અમદાવાદનાં રેલવે સ્ટેશન પર પહોંચીને ત્યાંથી બસમાં આવું પડે . ઉત્કંઠેશ્વર મહાદેવ આવવા માટે દહેગામ અને કપડવંજથી ગાડી અને રિક્ષા પણ મળી રહે છે.આસપાસના ફરવાના સ્થળો, અક્ષરધામ મંદિર ગાંધીનગર, રણછોડ રાય મંદિર ડાકોર, ઝાંઝરી ધોધ કેદારેશ્વર, ડભોડા હનુમાન મંદિર , વગેરે જોવાલાયક સ્થળો પણ આસપાસ માં આવેલ છે. આદિ-અનાદિ કાળથી ભક્ત અને ભગવાનનો મહિમા આપણે જોતા આવ્યા છીએ, અને એમાં પણ શિવ શંકર સાથે તો સંસારી ભક્તોનો અનન્ય સંબંધ છે, ભક્ત જરા પણ તકલીફમાં આવે, અને ભોળાનાથનું શુદ્ધ અંતર મનથી સ્મરણ કરે, એટલે ભગવાન મહાદેવ આવી તેની તમામ સમસ્યાઓનું વિષ પી જાય છે, અને તેની જિંદગી ખુશહાલ કરે છે. આપણે પણ આ શ્રાવણ એ જુદી જુદી રીતે શંકરનું મહિમાગાન કરી રહ્યા છીએ, પરંતુ એ ભાવનાના ભૂખ્યા ભગવાનને કોઈ સાધનની જરૂર નથી, તે તો માત્ર ઓમ નમઃ શિવાયના સ્મરણમાત્રથી રીજી જાય છે. તો બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર મહાદેવ, હર હર મહાદેવ, હર હર મહાદેવ.

## શ્રાવણ માસમાં શિવ મહિમા - ૦૭

# શિવાલય-શિવમંદિરનો મહિમા જાણીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



શ્રાવણ માસના સાતમા દિવસનો આજે શિવાલયમાં શિવલિંગ પર અભિષેક થઈ રહ્યો છે. આપણે શ્રાવણ માસમાં શિવ મહિમા છ માં તડકેશ્વર મહાદેવ તીર્થનો મહિમા જાણ્યો. આજે શ્રાવણ માસમાં શિવ મહિમા -૦૭ શિવાલય-શિવમંદિરનો મહિમા જાણીએ. સૃષ્ટિના સંહારક શિવજીને બલ મુખ્ય દેવોમાંના એક માનવામાં આવે છે. અન્ય દેવોની જેમ શિવ ને મૂર્તિ રૂપે નહી પૂજતા તેમનું પૂજન લિંગ સ્વરૂપે કરવામાં આવે છે.શિવ પરિવારમાં ભગવાન શંકર માતા પાર્વતી અને તેમના પુત્રો ગણેશ અને કાર્તિકેયનો સમાવેશ થાય છે. શિવજીની એક પુત્રી ઓખાનો પણ પુરાણોમાં ઉલ્લેખ જોવા મળે છે, પરંતુ સામાન્ય રીતે શિવ પરિવારમાં તેમની ગણતરી કરવામાં આવતી નથી.આ ઉપરાંત શિવ મંદિરોમાં હનુમાનજી કાચબો અને પોઠીયો પણ શિવ પરિવારની સાથે જોવા મળે છે.દક્ષિણ ભારત માં કાર્તિકેયને મુરુગન સ્વામી તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં હનુમાનજી અને ગણેશજીનાં અલાયદા મંદિરો પણ જોવા મળે છે પરંતુ કાર્તિકેયનું અલાયદુ મંદિર જોવા મળતું નથી કે નથી તો તે શિવાય શિવ મંદિરમાં જોવા મળતાં, તેનુ કારણ એ છેકે ગુજરાતમાં કાર્તિકેયની દેવ તરીકે પૂજા થતી નથી.ભગવાન દત્તાત્રેય ને કાર્તિકેય નો અવતાર માનવામાં આવતો હોવાથી,તેમના અનુયાયી ઓ કાર્તિકેયની પૂજા કરતા હોય છે. ભગવાન શિવના મંદિરને શિવાલય અથવા શિવ મંદિર કહેવામાં આવે છે.બીજી એક એ પણ ખાસિયત છે કે અન્ય દેવી દેવતાઓનું સ્થાપન મંદિરોમાં મૂર્તિ સ્વરૂપે થાય છે પરંતુ અજન્મા એવા ભગવાન શિવનું સ્થાપન લિંગ સ્વરૂપે થાય છે.ભગવાન શિવ તો એવા દેવ છેકે જેમણે હંમેશા માણસોની વસ્તીથી અલગ અને એકાંત જગ્યા વધારે પસંદ કરી છે.તેવી જ રીતે તેમના શિવા લયો પણ જંગલ અથવા તો ગામ થી થોડા દુર જોવા મળે છે. મહાદેવનાં શણગાર તથા પૂજન વિધિમાં પણ જંગલની કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ જોવા મળે છે.જેમાં વનનાં ફુલો ધતુરો, બીલીપત્ર,રૂદ્રાક્ષ શાગાર તરીકે, શરીર ઉપર ભસ્મનું લેપન, વાહન માં પોઠીયો, વગાડવામાં ડમરૂ, શરીરે જટાજુટ સર્પોની માળા અને પોશાક માં હાથી કે વાઘનું ચામડું હોય છે. પૂજન વિધિમાં પાણીનો લોટો અને થોડા બીલીપત્રનાં પાન. શિવને આમ તો મંદિરની પણ જરૂર નથી, પથ્થરનાં ઓટલે, ઝાડની નીચે,ડુંગર ની ટોચે પણ આ ભોળાનાથ બીરાજી જાય છે. સ્વયંભૂ ગણાતા બ્રહ્મા,વિષ્ણુ અને મહેશમાં શંકરને સદા શિવ કહેવાય છે. શિવનું મંદિર શાસ્ત્રો કત દ્રષ્ટિએ જીવનમાં માનવ દેહ અને મનનું પ્રતીક અને ભાવના બની રહે છે.સર્વનું કલ્યાણ કરનારા શિવનાં શિવાલયમાં વાસ્તુશાસ્ત્ર-શિલ્પ કલા વિધાનમાં તેમજ માનવ જીવન માટે આશિષ ગણાતી અષ્ટાંગ યોગ કલ્પના સાકાર થાય છે. ગુજરાતનાં પ્રદેશો માં થતાં શિવાલયની રચના બાંધકામ નીચે મુજબ હોય છે. શિવાલયની રચના બે ભાગમાં હોય છે જેમાં આગળનો ભાગ મંદિર અને અંદરનો ભાગ ગર્ભગૃહ (ગર્ભાગાર-ગભારો) કહેવાય છે. જેમાં મનુષ્યના જન્મથી અંત સુધીના સંસ્કાર તેમાં પ્રગટ થાય છે શિવાલયમાં આગળનાં ભાગમાં કાલ ભૈરવનું સ્થાપન કરવામાં આવે છે.જે યમનું પ્રતીક માનવા માં આવે છે. દેહ સાથે જોડાયેલી મૂત્યુની વાત જન્મતા જ જાણી લેવી જોઈએ. જે જોયું તે જાય એ ચરિતાર્થ કરવા માટે શરૂઆત માં જ કાલ ભૈરવની મૂર્તિ હોય છે. તે મૃત્યુના પ્રતીક રૂપે છે. શિવાલયમાં પ્રથમ ભાગ એવા મંદિરમાં પ્રવેશતા પોઠીયાનું સ્થાપન થાય છે. જે પરિશ્રમ અને ભારવહનનાં પ્રતીક તરીકે ઓળખાય છે. તેના સ્થાપન દ્વારા એવુ સમજાવાય છે કે જીવનમાં પોતાના ફાળે આવેલ કોઈપણ કામ લાલચ કે લાલસા વગર કરવુ પ્રગટ કરે છે.જોઈએ,શિવાલયમાં પોઠીયા પછી કાચબાનું સ્થાપન કરવામાં આવે છે. કાચબો પોતાની બધી જ બહારની ઈન્દ્રિયો ને સંકોરી,પોતાની જાતમાં સમાવી શકે છે.મનુષ્ય માટે પણ બહારની ઈન્દ્રિયો ( આંખ, કાન, જીભ, હાથ અને પગ ) ઉપર કાબુ અને સંયમ આવશ્યક છે. પોતાની જાત સંકોરી ચાલવાની વાત સમાજમાં પ્રચલિત છે.જે કાચબા નાં સ્થાપન દ્વારા પ્રમાણિત થાય છે. શિવાલયમાં કાચબાની ડાબી બાજુ એ ઉતર દિશા બાજુ મુખે ગણેશનું સ્થાપન કરવામાં આવે છે. ગણેશ વિઘ્નોનાં હરનાર કહેવાય છે. ગણપતિમાં બીજાની નાનામાં નાની વાત સાંભળીને પેટ માં રાખવાની ટેવ,પરિસ્થિતિનો ક્યાસ કાઢતા અને ઝીણી નજરે નીરખવાની ટેવ છે,જે દરેક મનુષ્ય માં હોવી જોઈએ.એ રીતે ગણેશ નાં કાન મોટા,આંખ નાની, પેટ મોટું રખાયા છે.તે ઉપરાંત ગણેશ પ્રજ્ઞા- બુધ્ધિના દેવ ગણાય છે. મનુષ્ય માટે બુધ્ધિ જીવન જીવવાની આવડત માં આવશ્યક વસ્તુ છે. શિવાલયમાં ગણેશજી ની બરોબર સામેની બાજુ એટલેકે દક્ષિણ દિશા બાજુ મુખે હનુમાનજીનું સ્થાપન કરવામાં આવે છે.હનુમાન બ્રહ્મચર્ય-શક્તિ અને સેવા નાં ઉદાહરણ રૂપે છે. જે મનુષ્યને જીવન જીવવામાં એક આદર્શરૂપ નિવડે છે. શિવાલયનાં બીજા ભાગમાં ગર્ભ દ્વારનાં ઉંબરે વાઘનાં શિલ્પોનું સ્થાપન કરવામાં આવે છે. ગર્ભદ્વારનાં ઉંબરાની બન્ને બાજુ વાઘના શિલ્પો કંડારેલા હોય છે. વાઘ ચોકસાઈ અને ધારણાવાળું પ્રાણી છે જેનું નિશાન ઘણું ચોક્કસ હોય છે જે ભાગ્યેજ ખાલી જાય છે, મનુષ્યએ પણ પોતાના જીવનનાં ચોક્કસ ધ્યેયો ચોકસાઈથી પાર પાડવા જોઈએ શિવાલયનાં ગર્ભાગારની બરોબર વચ્ચે ભગવાન શિવનું લિંગની સ્થાપના કરવામા આવે છે. શિવના લિંગના સ્થાપનની એક ખાસ વિશેષતા છેકે ભગવાન શિવ અજન્મો છે તેથી તેના સ્થાપન સમયે તે લિંગનો પ્રવેશ દરવાજેથી થતો નથી પરંતુ તે મંદિરનાં ગર્ભા ગારની ટોચેથી કરવામાં આવે છે. શિવલિંગ હૃદય અને આત્માનું પ્રતીક છે.શિવાલયમાં શિવલિંગની ફરતે થાળુ અને ઉપર જળાધારી તથા સર્પનું સ્થાપન કરવામાં આવે છે. તેમાં થાળુ શિવલિંગની ફરતે ગોળાકાર લિંગનાં માપ જેટલુ વધારે હોય છે. શિવલિંગ ઉપર જે પાત્ર લટકાવવામાં આવે છે તેને જળાધારી કહે છે.જેમાં પાણી ભરીને લિંગ(ઉપર સતત અભિષેક થાય છે. આ ઉપરાંત ભકતો દ્વારા કરવામાં આવતા પાણી અને દુધ નાં અભિષેકનાં પ્રવાહીને વહેવા માટેની જગ્યા કરવામાં આવે છે.જેને ઉતર દિશામાં ગર્ભાગાર ની બહાર કાઢવામાં આવે છે. જયાં નાની કુંડી કરીને તેમાં સમાવી દેવામાં આવે છે. આમ થાળુ અને જળાધારી કુંડલી ની શક્તિ (દેહમાં રહેલી આંતર ચેતના)દર્શાવે છે. જયારે શિવલિંગ ઉપર સર્પ એટલે કે નાગનું છત્ર હોય છે.જે જાગૃતિ અને ચંચળતા ને શિવાલયમાં શિવલિંગની બરોબર પાછળ પાર્વતીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવે છે. જે ભક્તિ અને નમ્રતાનાં પ્રતીક રૂપે છે.પાર્વતી શ્રધ્ધા અને ભક્તિના ગુણો પ્રગટ કરે છે.મનના આંતરિક ગુણોમાં ભક્તિ, શ્રધ્ધા,નમ્રતા અને તપ જરૂરી ગણાય છે. આમ,શિવાલયની રચના મનુષ્યનાં જીવનમાં મૃત્યુ,પરિશ્રમ,ઈન્દ્રિય, બુદ્ધિ,સેવા,શક્તિ,જાગૃતિ,શ્રધ્ધા, ભક્તિ, તપ અને મુક્તિની આવશ્ય ક્તા સમજાવવામાં આવી છે.

# ગેસ ને એસિડિટી જેવી સમસ્યાથી છો પરેશાન? તો આજથી જ આ ૪ પ્રકારની દાળનું કરો સેવન



**Why Do Pulses Cause Gas:** ખરાબ લાઈફસ્ટાઈલ અને ખોરાકમાં બેદરકારીને કારણે, આ દિવસોમાં ઘણા લોકો પેટની સમસ્યાઓથી સંઘર્ષ કરવા માટે મજબૂર છે. ગેસ-એસીડીટી થવા પર વ્યક્તિ થાકી જાય છે અને તે હંમેશા બીમાર રહે છે. દાળની વાત કરીએ તો તે પ્રોટીનની દ્રષ્ટિએ શ્રેષ્ઠ માનવામાં આવે છે. જો કે, ૪ દાળ એવી છે જેનું સેવન ઓછું કરવું જોઈએ, નહીં તો ગેસ-એસીડીટી અને બ્લોટિંગની સમસ્યા પહેલા કરતા વધુ વધી શકે છે. આવો જાણીએ એ ૪ કઠોળ કઈ છે.

**ગેસનું કારણ બનનારી દાળ:**

**૧. મગની દાળ**

ડોકટરોના મતે, મગની દાળ પાચન શક્તિ માટે સારી માનવામાં આવે છે, પરંતુ સારી પાચનક્રિયા માટે તેને યોગ્ય રીતે રાંધીને ખાવી જોઈએ. સારી પાચનક્રિયા માટે મગની દાળની ખીચડી તૈયાર કરીને એક ગ્લાસ લસ્સી સાથે ખાવી જોઈએ.

**૨. તુવેર દાળ**

તુવેરની દાળ ખાવાથી ઘણા લોકોને ગેસ-એસીડીટીની સમસ્યા વધી જાય છે જે ગેસનું કારણ બને છે. આ સાથે પેટ ફૂલેલું લાગે છે. આવી સ્થિતિમાં, જો શક્ય હોય તો, આ દાળ ઓછી ખાઓ, જેથી તમારું સ્વાસ્થ્ય સારું રહે.

**૩. ચણાની દાળ**

ચણાની દાળમાં કોમ્પ્લેક્સ કાર્બોહાઈડ્રેટ્સ અને ફાઈબર મોટી માત્રામાં હોય છે. ઘણા લોકો માટે તેને પચાવવું મુશ્કેલ બની જાય છે. તેથી તમારે આ ચણાની દાળ ખાવાનું ટાળવુ જોઈએ પરંતુ તેની માત્રા મર્યાદિત રાખો.

**૪. રાજમા**

રાજમા ખાવાનું દરેકને પસંદ હોય છે, પરંતુ તેના સેવનથી ગેસ-એસીડીટીની સમસ્યા પણ વધી શકે છે. ક્યારેક ક્યારેક તેનું સેવન કરવું વધુ સારું છે. ઉપરાંત, તેને રાંધતા પહેલા સારી રીતે પલાળવા જોઈએ.

# ૩૬ માંથી ૩૬ ગુણો મળ્યા પછી પણ કેમ થાય છે છૂટાછેડા, જાણો સાચું કારણ



સનાતન ધર્મમાં જ્યારે છોકરો અને છોકરીના લગ્ન થાય છે ત્યારે બંનેની કુંડળીઓ જોવામાં આવતી હોય છે. હિંદુ ધર્મમાં લગ્નમાં કોઈ સમસ્યા કે અવરોધ નથી, આ માટે છોકરી અને છોકરાની કુંડળીનું મેળ, ગુણોનું મેળ, ખામી વગેરે બધું જ જોવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે હિંદુ ધર્મમાં જ્યારે છોકરો અને છોકરીના ૩૬માંથી ૩૬ ગુણો મળે છે ત્યારે તેને શ્રેષ્ઠ લગ્ન માનવામાં આવે છે. જો કોઈની કુંડળીમાં કોઈ ખામી હોય તો તેને જ્યોતિષ શાસ્ત્ર અનુસાર આપ વામાં આવેલા ઉપાયોથી સુધારી શકાય છે. ઘણી વખત એવું પણ જોવામાં આવ્યું છે કે છોકરા અને છોકરીમાં ૩૬ માંથી ૩૬ ગુણ મેળવ્યા પછી પણ છૂટાછેડા થઈ જાય છે. લગ્ન માટે ૩૬/૩૬ ગુણો મેળવ્યા પછી પણ દંપતીના છૂટાછેડા લોકોના મનમાં એક મોટો પ્રશ્ન ઉભો કરે છે. આ પ્રશ્નનો જવાબ જાણવા અમે હરિદ્વારના ધર્માચાર્ય પંડિત વાસુદેવ મિશ્રા પાસે પહોંચ્યા હતા. વેદ અને શાસ્ત્રોના જાણકાર વાસુદેવ મિશ્રા કહે છે કે લગ્નની વિધિઓ કરવા માટે ગુણોનું મિલન જોવામાં આવે છે. ગુણયોગ અલગ છે અને ઘરની મિત્રતા અલગ છે. લગ્નની અંદર લગ્ન સંસ્કાર કરવા જરૂરી છે પરંતુ ૧૦૦માંથી માત્ર બે ટકા લોકો જ લગ્ન સંસ્કાર કરે છે. આરોહણ વિના કરવામાં આવેલ કોઈપણ કાર્ય ફળદાયી નથી. લગ્ન માટેની તમામ વિધિઓ કરવા માટે લગ્નના સામાયિકમાં બધું જ લખેલું છે પરંતુ માત્ર નામાંકિત લોકો જ સમય અનુસાર લગ્નની વિધિઓ પૂર્ણ કરે છે. જોકે ખોટા લગ્નમાં કરેલું કામ ક્યારેય પ ૂરું થતું નથી. વાસુદેવ મિશ્રા સમજાવે છે કે લગ્ન સામાયિકમાં જે સમયની વિધિઓ લખેલી છે તે સમયે જ કરવી જોઈએ. જો આમ ન થાય તો વ્યક્તિને તેના પરિણામો આગળ પ્રાપ્ત થાય છે. પં. વાસુદેવ મિશ્રા કહે છે કે આરોહણમાં લગ્નની વિધિઓ ન કરવાને કારણે ૩૬/૩૬ ગુણો મળ્યા પછી પણ છૂટાછેડા થઈ જાય છે.

# સાવધાન! દારૂનો માત્ર એક ગ્લાસ પીવાથી પણ વધી શકે છે આ ગંભીર બીમારીનું જોખમ



આલ્કોહોલને સ્વાસ્થ્ય માટે યોગ્ય માનવામાં આવતું નથી, પરંતુ તેમ છતાં કેટલાક લોકો દરરોજ અને કેટલાક ક્યારેક ક્યારેક દારૂ પીવે છે. તાજેતરના એક અભ્યાસમાં સામે છે આવ્યુ છે કે, જે લોકો દરરોજ ઓછામાં ઓછું એક ડ્રિંક લે છે, તેમનું બ્લડ પ્રેશર ઝડપથી વધે છે. એક રિપોર્ટ અનુસાર, હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા એવા યુવાનોને પણ થાય છે જેમને પહેલાથી હાઈ બ્લડ પ્રેશરની ફરિયાદ નથી.

આ રિસર્ચ ૧૯૯૭ થી ૨૦૨૧ સુધીના ૭ આંતરરાષ્ટ્રીય અભ્યાસોના ડેટામાં જાણવા મળ્યું છે કે જે લોકો દરરોજ માત્ર એક ગ્લાસ આલ્કોહોલ પીવે છે તેઓને ક્યારેક ક્યારેક આલ્કોહોલ પીતા લોકો કરતા બ્લડ પ્રેશર વધવાનું જોખમ નોંધપાત્ર રીતે વધારે છે.

હાઈ બ્લડ પ્રેશરના લક્ષણો દેખાય ત્યાં સુધીમાં તે શરીરને ઘણું નુકસાન કરી ચૂક્યું છે. જો બીપી નિયંત્રણમાં ન હોય તો, વિકલાંગતા, ખરાબ લાઈફ ક્વોલિટી અને હાર્ટ એટેક અથવા સ્ટ્રોકની સમસ્યાઓ પણ થઈ શકે છે.

**ડેટા જોઇ હેરાન થયા એક્સપર્ટ**

રિસર્ચ સાથે સંકળાયેલા વરિષ્ઠ લેખકનું કહેવુ છે કે, જાણીને ખૂબ જ નવાઈ લાગી કે, જે યુવાનોએ ખૂબ જ ઓછો દારૂ પીધો છે તેમનામાં બ્લડ પ્રેશરનું સ્તર ઊંચું હતું. જો કે, આ લોકોનું બ્લડ પ્રેશરએ લોકો કરતા ઘણું ઓછું હતું જેઓ ખૂબ દારૂ પીતા હતા.

બ્લડ પ્રેશર પારાના મિલીમીટર (mm Hg)ની બે સંખ્યામાં માપવામાં આવે છે. ટોચનો નંબર (સિસ્ટોલિક) હૃદયના સ્નાયુ દ્વારા લોહીના સંકોચન અને પમ્પિંગને માપે છે. જ્યારે, નીચેના નંબરને ડાયસ્ટોલિક કહેવામાં આવે છે જે હૃદયના ધબકારા વચ્ચેના દબાણને માપે છે.

અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, સિસ્ટોલિક બ્લડ પ્રેશર પર આલ્કોહોલની નકારાત્મક અસરો પણ પુરુષો અને સ્ત્રીઓમાં જોવા મળી હતી જેઓ દરરોજ ખૂબ ઓછી માત્રામાં આલ્કોહોલનું સેવન કરે છે.નોર્મલ બ્લડ પ્રેશર

નોર્મલ સિસ્ટોલિક રીડિંગ સામાન્ય રીતે ૧૨૦ mm Hg અથવા તેનાથી ઓછું હોય છે પરંતુ આ રીડિંગ ઉંમર સાથે વધે છે કારણ કે રક્તવાહિનીઓ નબળી અને પાતળી બને છે. જ્યારે, સામાન્ય ડાયસ્ટોલિક રીડિંગ ૮૦ mm Hgની નીચે હોય છે, પરંતુ તે ઉંમર સાથે ઘટવા લાગે છે કારણ કે ધમનીઓ તેમની લચીલાપણુ ગુમાવે છે અને સખત બની જાય છે.

હાઈ બ્લડ પ્રેશરની સમસ્યાને સાયલન્ટ કિલર તરીકે ઓળખવામાં આવે છે. શરીરમાં બ્લડ પ્રેશરનું સ્તર વધવાને કારણે હાર્ટ એટેક, સ્ટ્રોક, ક્રોનિક કિડની ડિસીઝ સહિત અનેક રોગોનું જોખમ નોંધપાત્ર રીતે વધી જાય છે. અભ્યસ કર્તાનું કહેવુ છે કે, "સિસ્ટોલિક અને ડાયસ્ટોલિક રીડિંગ બંને કાર્ડિયોવેસ્ક્યુલર રોગોનું જોખમ વધારે છે, પરંતુ બેમાંથી, સિસ્ટોલિક બ્લડ પ્રેશર યુવાન પુરુષોમાં સૌથી વધુ જોખમ ધરાવે છે," રિપોર્ટ અનુસાર હાર્ટ એસોસિએશન, સિસ્ટોલિક રીડિંગ ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં કાર્ડિયોવેસ્ક્યુલર જોખમ દર્શાવે છે.

# દીકરા-દીકરીઓ સાથે નર્સિંગમાં માં-બાપ પણ લઈ શકશે એડમિશન, જાણો કઈ રીતે?



દેશમાં હવે નર્સિંગ સ્ટાફની કોઈ કમી નહીં રહે. હવે મોટી ઉંમરના લોકો પણ દેશની હજારો નર્સિંગ કોલેજોમાં એડમિશન લઈ શકશે. એક મોટો નિર્ણય લેતા, નર્સિંગ કોલેજ ઓફ ઈન્ડિયા **(NCI)** એ હવે **ANM, GNM, B.sc** નર્સિંગ, **M.sc** નર્સિંગ, પોસ્ટ બેઝિક **B.Sc** નર્સિંગ પોસ્ટ, પોસ્ટ બેઝિક ડિપ્લોમામાં પ્રવેશ લેવા માટેની મહત્તમ વય મર્યાદા જાહેર કરી છે અને નર્સ પ્રેક્ટિશનર કોર્સ દૂર કરવામાં આવ્યો છે. આ નિર્ણય બાદ હવે બાળકોની સાથે તેમના માતા-પિતા પણ સાથે મળીને નર્સિંગનો અભ્યાસ કરી શકશે. અગાઉ, આ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે, લઘુત્તમ વય ૧૭ વર્ષથી વધુ ન હોવી જોઈએ અને મહત્તમ વય ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ. નવા ઓર્ડર મુજબ હવે તમે નિવૃત્તિની ઉંમર એટલે કે ૬૦-૬૨ વર્ષ પછી પણ નોંધણી કરાવી શકો છો. નર્સિંગ કોલેજ ઓફ ઈન્ડિયાના આ નિર્ણય બાદ નર્સિંગ સંસ્થાઓના પ્રવેશ પર અસર પડી શકે છે. હવે કોલેજમાં એડમિશન લેવા માટે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો કરવાની વિચારણા કરવામાં આવી રહી છે. **NCI**નું કહેવું છે કે હવે દેશમાં નર્સિંગ સ્ટાફની અછતને દૂર કરી શકાશે. વિદેશમાં ભારતીય નર્સોની વધતી માંગને ધ્યાનમાં રાખીને કાઉન્સિલનો આ નિર્ણય હવે આ ક્ષેત્રમાં ૩૫ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે તકોનો નવો માર્ગ ખોલી શકે છે.

**નર્સિંગમાં પ્રવેશ માટે નવા નિયમો**

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ મોદી સરકારે દેશમાં વધુ ૧૫૭ નર્સિંગ કોલેજો ખોલવાની જાહેરાત કરી હતી. આ કોલેજોની સ્થાપના વર્ષ ૨૦૧૪ પછી દેશમાં શરૂ થયેલી નવી સરકારી મેડિકલ કોલેજો સાથે કરવામાં આવશે, જેમાં **B.Sc** નર્સિંગનો અભ્યાસ કરવામાં આવશે. આ તમામ કોલેજોમાં **B.Sc** નર્સિંગ માટે ૧૦૦ બેઠકો હશે. દેશમાં આ નર્સિંગ કોલેજોની રચના બાદ સીટોની સંખ્યા વધીને ૧૫,૭૦૦ થઈ જશે.

**જાણો શું છે મોદી સરકારનો પ્લાન**

મોદી સરકારે દેશમાં નવી કોલેજોની સ્થાપના માટે ૧૫૭૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. ભારતમાં સસ્તું અને ગુણવત્તાયુક્ત નર્સિંગ શિક્ષણ ઉપલબ્ધ થશે.

## BOLLYWOOD NEWS FLASH

### અનિલ કપૂરથી પ્રેરિત છે, જે લગભગ ૫ દાયકા સુધી ફિલ્મોમાં કામ કર્યા પછી પણ અભિનય પ્રત્યે ઉત્સાહી છે



# પ્રેગ્નન્સી બાદ સોનમ કપૂર કમબેક કરવા તૈયાર

। મુંબઈ, તા.૨૨ ।

સોનમ કપૂર પ્રેગ્નન્સી બાદ ફિલ્મી દુનિયામાં કમબેક કરી રહી છે. તેણે ખુલાસો કર્યો કે, તે તેના પિતા અનિલ કપૂરથી પ્રેરિત છે, જે લગભગ ૫ દાયકા સુધી ફિલ્મોમાં કામ કર્યા પછી પણ અભિનય પ્રત્યે ઉત્સાહી છે. સોનમ કહે છે, 'મારા પિતા પાસેથી શીખવા જેવું ઘણું છે, તેઓ મારા પ્રેરણા છે, મારા મુખ્ય પ્રેરક છે. તે લગભગ પાંચ દાયકાથી કામ કરી રહ્યો છે અને તેમ છતાં, દરરોજ તે કામ પરનો પહેલો દિવસ હોય તેટલો જ ઉત્સાહિત હોય છે! હું ઈચ્છું છું કે હું હંમેશા તેમના જેવો બની શકું, કારણ કે હું પણ લાંબા સમય સુધી કામ કરવા માંગુ છું. સોનમ વધુમાં જણાવ્યું હતુ કે, 'મારા પિતાએ કલા, ફિટનેસ અને શક્ય તેટલા લાંબા સમય સુધી લોકોનું મનોરંજન કરવાની તેમની ઈચ્છા પ્રત્યેના સમર્પણ સાથે તેમના બાળકો તેમજ ઈન્ડસ્ટ્રીમાં સાથી કલાકારો માટે ખૂબ ઊંચા ધોરણો સ્થાપિત કર્યા છે. હું પણ કામ કરવા માંગુ છું અને હંમેશા કંઈક રસપ્રદ અને અલગ કરવા માંગુ છું! તેઓ કહે છે, એકવાર તમે અભિનેતા બનો, તમે હંમેશા અભિનેતા છો! સેટ પર આવવું મારા માટે આનંદની વાત છે. કેમેરાની સામે રહેવું એ શુદ્ધ આનંદ છે. સોનમ કહે છે, 'હું હવે મારા આગામી પ્રોજેક્ટ્સની રાહ જોઈ રહી છું. હું મારી ગર્ભાવસ્થા પછી સેટ પર પાછા આવવા માટે ઉત્સાહિત છું. હું મારી વર્ક લાઈફને બેલેન્સ કરવા ઈચ્છું છું અને આગળ વધીને પરિવારને પણ સમાન સમય આપું છું. સોનમ ઉમેરે છે, 'હું મારા જીવનને એવી રીતે શેડ્યૂલ કરી રહી છું કે ,હું વર્ષમાં બે પ્રોજેક્ટ પર કામ કરી શકું અને હજુ પણ અભિનેત્રી બની શકું!

# રિંકી ખન્ના દેશ છોડીને જીવી રહી છે આવી જલસાની જીંદગી

। મુંબઈ, તા.૨૨ ।



બોલિવૂડ સુપરસ્ટાર રાજેશ ખન્ના અને ફેમસ અભિનેત્રી ડિમ્પલ કાપડીયાની નાની બહેન ટ્વિંકલ ખન્નાની બહેન રિંકી ખન્નાએ વર્ષ ૧૯૯૯માં મ્યુઝિકલ ડ્રામામાં પ્યાર મેં કભી કભી સે ડેબ્યુ કર્યુ હતુ. આ ફિલ્મ માટે રિંકીને ૨૦૦૦માં બેસ્ટ ફીમેલ ડેબ્યુ માટે સીને પુરસ્કાર જીત્યો હતો. જો કે ટ્વિંકલ ખન્નાની બહેન રિંકી દેખાવમાં એકદમ સ્માર્ટ છે. રિંકી ખન્નાએ બોલિવૂડ કેરિયરમાં લગભગ ૫ વર્ષ સુધીમાં કુલ મળીને ૯ ફિલ્મોમાં કામ કર્યુ, જેમાં જિસ દેશ મેં ગંગા રહતા હૈ, મુઝે કુછ કહેના હે, યે હૈ ઝલવા, પ્રાણ જાએ પર શાન ના જાએ, ઝંકાર બીટ્સ અને છેલ્લી ફિલ્મ ચમેલી રહી હતી. જો કે આ બધી ફિલ્મોમાં રિંકે બહુ સારો રોલ પ્લે કર્યો હતો. જો કે રિંકીની ૯માંથી ૭ ફિલ્મો ફ્લોપ ગઈ અને **pran par shaan na jaye** ડિઝાસ્ટર સાબિત થઈ. રિંકીની માત્રને માત્ર એક ફિલ્મ સ્હેરી **Kucch kehna hai** સુપરહિટ રહી હતી ,જમાં લીડ કરીના કપૂર હતી અને સેકન્ડ એક્ટ્રેસ રિંકી હતી. આ મુવીમાં રિંકીનો રોલ અનેક લોકોને પસંદ પડ્યો હતો. રિંકીએ માત્ર બોલિવૂડમાં જ નહીં, પરંતુ સાઉથ ફિલ્મોમાં પણ પગ મુક્યો હતો, પરંતુ સાઉથમાં પણ રિંકીનો જાદુ ચાલ્યો નહીં અને પાછી પડી. દર્શકોને ઈમ્પ્રેસ કરવામાં રિંકીએ પૂરી રીતે નિષ્ફળ રહી હતી. તમને જણાવી દઈએ કે રિંકીએ તમિલ ડેબ્યુ મઝૂનૂથી કર્યુ હતુ. અભિનેત્રી આ સમયે પણ દર્શકોના દિલમાં જગ્યા ના બનાવી શકી અને ફ્લોપ રહી. સતત ફ્લોપ થવાને કારણે રિંકીએ આ ઈન્ડસ્ટ્રીને અલવિદા કરવાનું મન થઈ ગયુ હતુ. રિંકીને જ્યારે એવુ લાગ્યુ કે આ દુનિયામાં એ વધારે સમય સુધી નહીં ચાલી શકે તો એને છોડવાનો નિર્ણય કરી લીધો અને લંડનમાં સેટલ થઈ ગઈ. ૨૦૦૩માં રિંકી એ એક સફળ બિઝનેસમેન સમીર સરન સાથે લગ્ન કર્યા અને યુકેમાં શિફ્ટ થઈ ગઈ. રિંકી હાલમાં બે દીકરીઓની માતા છે અને બોલિવૂડથી દૂર જઈને આપણો દેશ છોડીને હાલમાં યુકેમાં પ રિવાર સાથે મજા કરી રહી છે.

# રાજેશ ખન્નાના જીવનમાં દેવયાનીની ચૌબલે મચાવી હતી ઉથલપાથલ

। મુંબઈ, તા.૨૨ ।



રાજેશ ખન્નાને હિન્દી સિનેમાના પહેલાસુપરસ્ટાર કહેવાયાં. તેમનો અંદાજ, તેમની એક્ટિંગ અને તેમની પર્સનાલિટી હંમેશા ફેન્સને આકર્ષિત કરે છે. કાકા એવા સ્ટાર હતા જેના ફેન્સને તેમની પર્સનલ અને પ્રોફેશનલ બંને લાઈફમાં ખૂબ જ રસ હતો. ૧૯૭૩માં રાજેશ ખન્નાએ પોતાનાથી ૧૫ વર્ષ નાની ડિમ્પલ કાપ ડિયાને પોતાની પત્ની બનાવી હતી. તે જ સમયે, તેમના જીવનમાં એક્ટ્રેસ અંજુ મહેન્દ્રુ હંમેશા પ્રેમ બનીને જોડાયેલી રહી. લગ્નના ૧૦ વર્ષ પછી જ્યારે ડિમ્પલે રાજેશ ખન્નાને છોડીને તેની બંને દીકરીઓ સાથે અલગ રહેવાનું નક્કી કર્યું ત્યારે પણ અંજૂ મહેન્દ્રુ જ રાજેશના જીવનમાં હતી. પરંતુ અંજૂ અને ડિમ્પલ સિવાય એક ત્રીજી મહિલા પણ હતી જે રાજેશ ખન્નાના જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતી હતી. હિરોઈન બનવાનું સપનું લઈને આવેલી આ મહિલા દિલીપ કુમાર માટે દિવાની હતી, પરંતુ રાજેશ ખન્નાની નજીક આવ્યા બાદ આ મહિલા તેને દિલ ખોલીને પ્રેમ કર્યો હતો. પરંતુ એક રાત્રે કાકા સાથે નશાની હાલતમાં બેઠેલી આ મહિલાએ તેને એવો દગો આપ્યો, જેને કાકા ક્યારેય ભૂલીશક્યા નહીં. અંજૂ મહેન્દ્રુ અને ડિમ્પલ કાપડિયા સિવાય આ ત્રીજી મહિલા દેવયાની ચૌબલ હતી, જેનો ૭૦ અને ૮૦ના દાયકામાં હિન્દી સિનેમામાં ખૌફ હતો. દેવયાની ચૌબલ પ્રોફેશને પત્રકાર હતી અને દેવયાનીએ જ સિનેમાની દુનિયામાં 'ગોસિપ જર્નાલિઝમ'નો ટ્રેન્ડ લાવ્યો હતો. તેમની 'ફ્રેંકલી સ્પીકિંગ' નામની કોલમ ફિલ્મી ગલિયારીમાં ખૂબ વંચાતી હતી અને અંગ્રેજી પત્રકારત્વની દુનિયામાં ભારતમાં આ દેવયાની દ્વારા 'યલો જર્નાલિઝમ'ની શરૂઆત કરવામાં આવી હતી.

# સલમાન ખાનનો લુક જોઈ તમે પણ ચોંકી જશો

। મુંબઈ, તા.૨૨ ।



સલમાન ખાન હંમેશા કોઈને કોઈ બાબતે ચર્ચામાં રહે છે. તે બોલીવૂડનો ટોપ એક્ટર છે. આજે પણ ઘણી ફિલ્મો તેના નામ પર ચાલે છે. જોકે, થોડા સમય પ હેલા આવેલી ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન' બોક્સ ઓફિસ પર ખૂબ જ ખરાબ પીટાઈ ગઈ હતી. ત્યારબાદ તેની ફિલ્મો અંગે કોઈ અપડેટ આવી નહોતી. જોકે, હવે સલમાન ખાન એકદમ નવા લૂકમાં જોવા મળી રહ્યો છે. જેના કારણે તેની આગામી ફિલ્મને લઈને ઘણી ચર્ચાઓ શરૂ થઈ છે. સલમાન ખાન તાજેતરમાં મુંબઈ ખાતે પાર્ટીમાં જોવા મળ્યો હતો. તે કારમાંથી નીચે ઊતર્યો તો તેને જોતાની સાથે લોકો આશ્ચર્યમાં મૂકાઈ ગયા હતા. સલમાન ખાને મુંડન કરાવ્યું છે અને તેના લુકના કારણે ઘણી ચર્ચાઓ થઈ રહી છે. ઈન્ટરનેટ પર પણ આ લુક આગની જેમ ફેલાઈ રહ્યો છે. સલમાન ખાનના ચાહકોની સંખ્યા કરોડોમાં છે. જેથી તેને લગતી કોઈ અપડેટ સામે આવે એટલે સોશિયલ મીડિયામાં ચર્ચા શરૂ થઈ જાય છે. આવી સ્થિતિમાં હવે તેનો લુક પણ ચર્ચાનો વિષય બન્યો છે. સલમાન બ્લેક શર્ટમાંમાં દેખાયો હતો. ચાહકોને તેની આ સ્ટાઈલ પસંદ આવી હતી. તેનો આ લુક તેની આગામી ફિલ્મ માટે હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. સલમાન ખાન તેની આગામી ફિલ્મ 'ટાઈગર ૩'નું શૂટિંગ કરવાનો છે.

### એપી ધિલ્લોને તેની શ્રેણી એપી ધિલ્લોનઃ ફર્સ્ટ ઓફ અ કાઇન્ડ માટે આ અઠવાડિયાની શરૂઆતમાં એક ઇવેન્ટ હોસ્ટ કરી હતી

# બનિતા સંધુએ શેર કર્યા એપી ધિલ્લોન સાથેના રોમેન્ટિક ફોટા

। મુંબઈ, તા.૨૨ ।



શૂજિત સરકારની ફિલ્મ ઓક્ટોબરથી બોલિવૂડમાં ડેબ્યૂ કરનાર ભારતીય મૂળની બ્રિટિશ અભિનેત્રી બનિતા સંધુ તેના ગંભીર અભિનય માટે પ્રખ્યાત છે. તે વિકી કૌશલ સાથે 'સરદાર ઉધમ સિંહ'માં મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. તે તાજેતરમાં ઈન્ડો-કેનેડિયન સિંગર, રેપર અને પ્રોડ્યુસર એપી ધિલ્લોનના ગીત 'વિથ યુ'માં જોવા મળી હતી. બંનેની લેટેસ્ટ તસવીરોએ પુષ્ટિ કરી છે કે, તેઓ ડેટ કરી રહ્યાં છે. એપી ધિલ્લોને તેની શ્રેણી એપી ધિલ્લોનઃ ફર્સ્ટ ઓફ અ કાઈન્ડ' માટે આ અઠવાડિયાની શરૂઆતમાં એક ઈવેન્ટ હોસ્ટ કરી હતી, જેમાં સલમાન ખાન, રણવીર સિંહ જેવા સ્ટાર્સે હાજરી આપી હતી, પરંતુ સૌથી વધુ ધ્યાન તેની ગર્લફ્રેન્ડ બનિતા સંધુએ ખેંચ્યું હતું, જે તે ખૂબ જ સુંદર દેખાતી હતી. લાલ ડ્રેસમાં સુંદર. બનિતા સંધુએ હવે એપી ધિલ્લોન સાથેની રોમેન્ટિક તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેમાં બંને એકસાથે ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા છે. ફોટામાં બંનેની કેમેસ્ટ્રી નેટીઝન્સનું ધ્યાન ખેંચી રહી છે. એક ફોટોમાં, બનિતા સંધુ એડી ધિલ્લોન તરફ માથું નમાવીને બેડ પર બેઠેલી જોવા મળે છે. અન્ય એક તસવીરમાં એપી ધિલ્લોન બનિતાના ડ્રેસની ઝિપ બંધ કરતા જોવા મળે છે, જોકે તેણે આ ફોટો ઈન્સ્ટાગ્રામ પરથી હટાવી દીધો છે. આ ફોટા પર નેટીઝન્સ અલગ-અલગ પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. એક વપરાશકર્તા કહે છે, 'હવે તે વધુ થઈ રહ્યું છે.

# દાહોદ જિલ્લાના લોકલાડીલા સાંસદ જસવંતસિંહ ભાભોરનાં જન્મ દિવસની ઉજવણી ઝાલોદ શહેર ભાજપ દ્વારા કરવામાં આવી

### ભાજપ શહેર પ્રમુખ દિનેશ પંચાલની આગેવાની હેઠળ કાર્યકર્તાઓને સાથે રાખી વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૨ ।

દાહોદ જિલ્લાના પૂર્વ મંત્રી અને હાલના લોકલાડીલા સાંસદ જશવંતસિંહ ભાભોરનો આજે ૨૨-૦૮-૨૦૨૩ ના રોજ ૫૮ મો જન્મ દિવસ હતો. ઝાલોદ ભાજપ પરિવાર દ્વારા લોકલાડીલા સાંસદની ઉજવણી વિવિધ સેવાકીય અને ધાર્મિક પ્રવૃત્તિ કરી ઉજવણી કરવામાં આવી હતી.

સવારે સહુ પ્રથમ પવિત્ર શ્રાવણ મહિનો હોવાથી સોમનાથ મહાદેવ મંદિર ખાતે અભિષેક સાથે પૂજા અર્ચના કરી સાંસદ જશવંતસિંહ ભાભોરના લાંબા આયુષ્યની પ્રાર્થના ભગવાન ભોલેનાથ પાસે કરવામાં આવી. ત્યારબાદ રામસાગર તળાવ પાસે આવેલ હનુમાનજી મંદિરે હનુમાન ચાલીસા કરવામાં આવી. વૃક્ષારોપણ, મણીબેન હાઈ સ્કૂલના બાળકોને ચોકલેટ વિતરણ, ગૌ શાળા ખાતે ગૌ માતાને ઘાસચારો આપવામાં આવેલ હતો.



આમ ઝાલોદ શહેર પ્રમુખ દિનેશ પંચાલની આગેવાની હેઠળ ભાજપના શહેરના હોદ્દેદારો, નગરપાલિકા કાઉન્સિલરો તેમજ ભાજપના અન્ય કાર્યકર્તાઓ સહુ ભેગા મળી વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરી ભાજપના નીડર અને રાજકીય તેમજ ધાર્મિક કાર્યોમાં અગ્રશેર, લોક કલ્યાણની સેવામાં તત્પર રહેતા કેન્દ્રીય પૂર્વ મંત્રી અને હાલના સાંસદ જસવંતસિંહ ભાભોરના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં મારી માટી મારો દેશ અંતર્ગત ૩૮,૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું



। ઝાલોદ, તા.૨૨ ।

સાબરકાંઠા જિલ્લામાં ''મારી માટી મારો દેશ'' અભિયાન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારથી લઈ નગરપાલિકા વિસ્તાર સુધી કાર્યક્રમ યોજાયા હતા. ''મેરી માટી મેરા દેશ'' અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની ૫૧૬ ગ્રામ પંચાયતો આઠ તાલુકા પંચાયતો તેમજ ૬ નગરપાલિકા ખાતે કાર્યક્રમ યોજાયા હતા. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં ૫૩૦ અમૃતવાટિકાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે અને આ અમૃતવાટિકાઓમાં શીલાફલકમનું નિર્માણ કરી શહિદ વીરોને વંદન કરાયા. ગ્રામ પંચાયત ખાતે નિર્માણ પામેલ અમૃતવાટિકાઓમાં ૭૫ કે તેથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું અને આ વૃક્ષોને મનરેગા હેઠળ ઉછેરવામાં આવશે. સમગ્ર જિલ્લામાં ૩૮,૫૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માં દરેક ગામની અમૃતવાટિકાની માટી એકઠી કરી તાલુકાકક્ષાએ લાવી એક કળશ માટે એકઠી કરવામાં આવશે એમ આઠ તાલુકાઓ માંથી આઠ કળશ અને છ નગરપાલિકાઓના માટીના કળશ મહાનગરપાલિકાઓ ખાતે જશે. આ માટીના કળશ દિલ્હીના રાજપથ ખાતે મોકલવામાં આવશે.

# ઝાલોદ એસ.ટી બસ સ્ટેશનમાં સ્વચ્છતા બાબતે ઝુંબેશ હાથ ધરાઈ

### ડેપો મેનેજર નિલેશ મુનિયા દ્વારા દરેક કર્મચારીઓને પણ સ્વચ્છતા જાળવવા માર્ગ દર્શન આપવામાં આવ્યું

। ઝાલોદ, તા.૨૨ ।

ઝાલોદ નગરના એસ.ટી ડેપો મેનેજર નિલેશ મુનિયાને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા સફાઈ સ્વચ્છતા બાબતે અલગ સેલ રચી વિશેષ તાકીદ રાખવાં જણાવવામાં આવેલ હતું તે અન્વયે વિશેષ શેલ ઉભો કરી નિગમના બસ સ્ટેશનનોમાં કોઈ જગ્યાએ ગંદકી ના રહે એના માટે સફાઈ ઝુંબેશ હાથ ધરેલ છે જેમાં ઝાલોદ ડેપો ના તાબા હેઠળના ઝાલોદ બસ સ્ટેન્ડ સંજેલી બસ સ્ટેન્ડ ફતેપુરા બસ સ્ટેન્ડ લીમડી બસ સ્ટેન્ડ સમાવેશ થાય છે જેમાં સફાઈ બાબતે વિશેષ કાળજી રાખી કામગીરી હાથ ધરવામા આવેલ હતી. આપતો ડેપો મેનેજર નિલેશ મુનિયા સ્વચ્છતા જાળવવા



સતત પ્રયત્નશીલ રહેતા હોય છે છતાય ગુજરાત વાહન વ્યવહારના સુઝાવ હેઠળ હજુ પણ વિશેષ તકેદારી રાખવા માટે દરેક કર્મચારીઓ સાથે વાતચીત કરી વિશેષ તકેદારી રાખવા જણાવ્યું હતું તેમજ બસસ્ટેશનની અંદર ક્યાય ગંદકી ના રહે તે માટે સતત પ્રયત્ન કરી તેને દૂર કરવા માટે સહુને હાંકલ કરેલ હતી.

# રાષ્ટ્રિય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત સખી મંડળો દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજ વસ્તુઓ સહિત રાખી મેળાનો શુભારંભ

### ઇન્ચાર્જ ડીઆરડીએ અને જિલ્લા પુરવઠા અધિકારશ્રીએ નડીયાદ ખાતે રાખી મેળાનો શુભારંભ કર્યો

। નડિયાદ, તા.૨૨ ।

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા દીનદયાળ યોજના અને રાષ્ટ્રિય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત ખેતા તળાવ, નડિયાદ ખાતે સખી મંડળો દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજ વસ્તુઓ માટે રાખી મેળાનો શુભારંભ કરવામાં આવ્યો છે. આજ રોજ તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ઈન્ચાર્જ ડીઆરડીએ અને જિલ્લા પુરવઠા અધિકારશ્રી વી.સી.બોડાણાએ રિબન કાપીને રાખી મેળાનો શુભારંભ કર્યો હતો.

આ રાખી મેળા તા. ૨૨ થી ૨૮ ઓગસ્ટ સુધી, સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૭:૦૦ કલાક સુધી ખુલ્લો રહેશે. જેમાં કુલ ૫ સ્ટોલમાં સખી મંડળો દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજ વસ્તુઓ જેમ કે રાખડી, હેન્ડીક્રાફ્ટ આઈટમ, નેચરલ શરબત અને કિચન મસાલાનું વેચાણ કરવામાં આવશે. આ પ્રસંગે ઈન્ચાર્જ ડીઆરડીએ અને



જિલ્લા પુરવઠા અધિકારશ્રી વી.સી. બોડાણાએ રાખી મેળાના વિવિધ સ્ટોલની મુલાકાત લઈ સખી મંડળો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓ અને રાખડીઓનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ લાઈવલીહુડ મેનેજર શ્રી મધુબેન અને આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર શ્રી મનીષાબેન બારોટ, NRLM અને DRDA ના તમામ કર્મચારીઓએ ઊપસ્થિત રહીને સખી મંડળોની બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા.

# લીમડી નગરમાં ભાજપ પરિવાર દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરી સાંસદ જસવંતસિંહ ભાભોરના જન્મદિવસની ઉજવણી કરાઈ



। ઝાલોદ, તા.૨૨ ।

લીમડી નગરના ભાજપ સંગઠનના આગેવાનો દ્વારા દાહોદ જિલ્લાના પૂર્વ મંત્રી અને હાલના સાંસદ જસવંતસિંહ ભાભોરના જન્મદિવસ નિમિત્તે મંદિરમાં વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી હતી અને સાંસદના લાંબા આયુષ્ય અને લાંબી રાજકીય કારકિર્દી માટે ભગવાન ભોલેનાથ પાસે પ્રાર્થના કરવામાં આવી હતી. આ નિમિત્તે ભાજપના મિલનશ્રીમાર, સુનિલ કર્ણાવટ, નિર્મલાબેન પટેલ, દિનેશ મોરી તેમજ અન્ય ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ હતા.

# રાજપીપલા સાયન્સ કોલેજમાં મોટીવેશનલ વિજ્ઞાન લેખક દીપક જગતાપનું ચન્દ્રયાન-3 ઉપર મનનીય પ્રવચન યોજાયું

### દીપક જગતાપે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ચન્દ્રયાન-3 વિશે માર્ગદર્શન આપ્યુ




। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૨ ।

રાજપીપલા આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં મોટીવેશનલ સ્પીકર અને જાણીતા વિજ્ઞાન લેખક દીપક જગતાપ નું ચન્દ્રયાન -૩ ઉપર મનનીય પ્રવચન યોજાયું હતું. ગુજરાત સરકારના ગુજકોષ્ટ સંચાલિત મંથન લોકવિજ્ઞાન કેન્દ્ર રાજપીપલાના ઉપક્રમે આ વ્યાખ્યાન યોજાયું હતું.

જેમાં મંથન લોક વિજ્ઞાનના ભરતભાઈ ડોડીયા,કલ્પનાબેન તથા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. શૈલેન્દ્રસિંહ માંગરોલા તથા ટ્રસ્ટી રવિ વસાવા તથા સાયન્સ કોલેજના પ્રાધ્યાપકો તથા સાયન્સના વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. કોલેજ તરફથી મુખ્ય વક્તા વિજ્ઞાન લેખક દીપક જગતાપનું ડૉ રવિ વસાવાએ પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે વક્તા દીપક જગતાપે ૨૩ઓગસ્ટ ના રોજ ચન્દ્રયાન -૩ ના સફળ લેન્ડિંગની વૈજ્ઞાનિક માહિતી આપી હતી. જયારે એન એસ એસના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ.ડી જી પ્રજાપતિએ કાર્યક્રમનું સફળ સંચાલન કરી વક્તાનો પરિચય આપ્યો હતો

વક્તા દીપકભાઈ જગતાપ કે જેઓ એક સારા મોટીવેશનલ સ્પીકર પણ છે તેમણે ભારતનું ઈસરો દ્વારા ચન્દ્રયાન -૩,૨૩ઓગસ્ટના રોજ ચન્દ્રના દક્ષિણ ગોળાર્ધ ઉપર સફળ લેન્ડિંગ થવાનું છે ત્યારે સમગ્ર દેશ અને દુનિયાની નજર ચન્દ્રયાન -૩ ઉપર ખોડાઈ છે ત્યારે આમ જનતામાં ચન્દ્ર ઉપર સફળ લેન્ડિંગ પ્રક્રિયા કેવી રીતે થવાની છે તે જાણવા લોકો ઉત્સુક છે ત્યારેચન્દ્રયાન ૨અને ૩ની વૈજ્ઞાનિક રસપ્રદ માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનદ્વારા લાઈવ નિદર્શનકરાવ્યું હતું.જેમાં ક્રેસ થયેલ લુના ૨૫ની માહિતી અને ચન્દ્રયાન -૩ની કામગીરીથી માંડીને સોફ્ટ લેન્ડિંગ થવાની અથથી ઈતિ સુધીની રસપ્રદ માહિતીથી વિદ્યાર્થીઓ પ્રભાવીત થયાં હતા.

# ૯ વર્ષ - સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ પર યોજાશે ત્રણ દિવસીય મલ્ટીમીડિયા ચિત્ર પ્રદર્શન

### કેન્દ્રીય સંચાર બ્યૂરો, સુરત દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારીમાં ૨૩થી ૨૫ ઓગસ્ટ દરમિયાન આયોજન

। નડિયાદ, તા.૨૨ ।

કેન્દ્ર સરકારના ''૯ વર્ષ - સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ''ની વિવિધ યોજનાઓની એક જ સ્થળેથી માહિતી આપવા માટે ત્રણ દિવસીય ચિત્ર પ્રદર્શનનું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે કેન્દ્રીય સંચાર બ્યુરો, માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે. સરકારની સિદ્ધિઓ અને સફળતા જન જન સુધી પહોંચડવા માટે કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં નવસારીના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે કેન્દ્ર સરકારના ''૯ વર્ષ - સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ''ની વિવિધ યોજનાઓની એક જ સ્થળેથી માહિતી મળે એ માટે તા. ૨૩થી ૨૫ ઓગસ્ટ ત્રણ દિવસ મલ્ટીમીડિયા ચિત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું તા.૨૩ નાં સવારે ૧૧-૦૦ વાગે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ/ મહાનુભાવોની હાજરીમાં કરવામાં આવશે. આ કાર્યક્રમની માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા માટે જિલ્લા સેવા સદન, જુનાથાણા ખાતે



આજરોજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એમ એસ ગઢવીના હસ્તે પ્રચાર અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સહાયક માહિતી નિયામક શ્રી યજ્ઞેશ ગોસાઈ તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં તેમજ અડદા ગામ સ્થિત ઉત્તર બુનિયાદી આશ્રમ શાળામાં વિવિધ વર્ગના વિદ્યાર્થીઓ માટે ''એક ભારત શ્રેષ્ઠ ભારત'' વિષય પર વકતૃત્વ સ્પર્ધા, ''બેટી બચાઓ બેટી પઢાઓ'' પર નિબંધ અને ''સ્વચ્છ ભારત'' વિષય પર ચિત્રકળા સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# બોટાદમાં મનોદિવ્યાંગ બાળકો દ્વારા કરાયેલું ''રાખડીનું સર્જન'' સમાજ માટે બન્યું પ્રેરણાદાયી

। બોટાદ, તા.૨૨ ।

ચહેરા પર માસુમ સ્મીત રેલાવતા....લાલ, સફેદ, પીળા, ગુલાબી સહિત અવનવાં રંગોના મોતી દોરામાં પ રોવતા.... ક્યારેક ખડખડાટ હસતાં તો ક્યારેક ચીવટપૂર્વક એકાગ્ર થઈ સુંદર મજાની રાખડીઓ તૈયાર કરતા આ છે બોટાદ શહેરના આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટના 'અનોખા બાળકો'.

રક્ષાબંધનનું પર્વ નજીક આવી રહ્યું છે, ત્યારે આ નાનાં-નાનાં બાળકો રાખડી બનાવવામાં વ્યસ્ત થયા છે. બોટાદમાં



દિવ્યાંગ બાળકો દ્વારા રચનાત્મક પ્રવૃત્તિઓ થકી મહેનતની કમાણીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ રાખડીઓ દ્વારા કમાણી કરીને દિવ્યાંગ બાળકોએ સમાજને સંદેશો આપ્યો છે કે માણસ ધારે તો દરેક અશક્ય વસ્તુને સતત પ્રયત્નો અને ધગશ થકી શક્ય કરી જ શકે છે. ૨૬ જેટલા મનોદિવ્યાંગ બાળકો દ્વારા વિવિધ પ્રકારની રાખડીઓ તૈયાર કરવામાં આવી રહી છે.

બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલી રાખડીઓના વેચાણમાંથી મળતી રકમનો ઉપયોગ તેમના કલ્યાણઅર્થે કરવામાં આવશે. મનોદિવ્યાંગ બાળકો આત્મનિર્ભર બને અને તેમના આત્મવિશ્વાસમાં વધારો થાય તે માટે આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટના કર્મઠ શિક્ષકો દ્વારા અવનવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. બોટાદમાં આ ટ્રસ્ટ વર્ષ ૨૦૦૮થી દ્રઢ નિશ્ચય સાથે મનોદિવ્યાંગ બાળકોમાં રહેલી કળાઓ નીખારવાનું ભગીરથ કાર્ય કરી રહ્યું છે. નીલાબેન, બકુલાબેન, નિમીશાબેન, હેતલબેન સહિતના શિક્ષકો દ્વારા બાળકોને વિવિધ તહેવારોને અનુરૂપ અલગ અલગ વસ્તુઓ બનાવવાની તાલીમ આપવામાં આવે છે. જેથી બાળકો નવું નવું શીખી રચનાત્મક પ્રવૃત્તિઓ વડે સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા સમર્થ થયા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્‌ઘાટન માટે સારો સમય. તેઓ તમને સંપૂર્ણ સહકાર આપશે. તેની પ્રાપ્તિ માટે તમારે ધ્યાન કેન્દ્રિત કરી સખત મહેનત કરવાની જરૂર છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. કોઈ ત્રીજી વ્યક્તિની દખલ તમારા અને તમારા પ્રિયપાત્ર વચ્ચે ઘર્ષણ પેદા કરશે. તમારા જીવનસાથીના કારણે તમને આજે નુકસાન થઈ શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બાળકો તમારી પસંદગી મુજબનું વર્તન નહીં કરે-જે તમારો ગુસ્સો વધારી મુકશે. તમારે તમારી જાતને રોકવી જોઈએ, કેમ કે નિરંકુશ ગુસ્સો સૌને નુકસાન કરે છે અને ખાસ કરીને જે વ્યક્તિ ગુસ્સામાં છે તેને સૌથી વધુ નુકસાન કરે છે કેમ કે તેને કારણે ઊર્જા વેડફાય છે અને નિર્ણય લેવાની ક્ષમતાને મંદ બનાવે છે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. આજે ખર્ચ તમારા જીવનસાથી સાથેના તમારા સંબંધને નુકસાન પહોંચાડી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. આજનો દિવસ તમારા જીવનની વસંત સમાન છે, રોમાન્સથી ભરપૂર અને એમાં માત્ર તમે અને તમારા જીવનસાથી.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. મિત્રો મદદરૂપ અને ખાસ્સા ઉપયોગી સાબિત થશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશેઅણધાર્યા સ્થળેથી તમને મહત્વનું આમંત્રણ મળશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમારા બાળકને તમારી અપેક્ષાઓ પ્રમાણે કામ કરવા માટે પ્રેરણા આપજો. પણ તે પ્રયાસ કરી રહ્યું છે ત્યારે કોઈ ચમત્કારની અપેક્ષા રાખશો નહીં.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે. પારિવારિક જવાબદારી તરફ તમારૂં બેધ્યાનપણું તેમને ખફા કરી શકે છે. જે લોકો છેલ્લા કેટલાક દિવસો થી ખૂબ જ વ્યસ્ત હતા.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. તમે જાણતા હો એવા લોકો પર જો આજે તમે કોઈપણ નિણર્ણય થોપવાનો પ્રયાસ કરશો-તો તમે તમારા હિતોને જ નુકસાન કરશો.

## ન્યૂઝ બ્રિફ

### યુએસમાં ગેરકાયદે હાજરી હોય તો ડિપોર્ટેશન થઈ શકે

। નવી દિલ્હી, તા.૨૨ ।

તાજેતરમાં ભારતના ૨૧ સ્ટુડન્ટ્સને અમેરિકાએ એરપોર્ટ પરથી જ ડિપોર્ટ કરી દેતા ઘણા લોકોને આંચકો લાગ્યો છે. આ તમામ વિદ્યાર્થીઓ કાયદેસર રીતે અમેરિકા પહોંચ્યા હતા, તેમણે બધી લિગલ પ્રક્રિયા કરી હતી અને કોલેજોમાં એડમિશન પણ લીધા હતા. આમ છતાં તેમને કોઈ પણ કારણ આપ્યા વગર ભારત ડિપોર્ટ કરી દેવામાં આવ્યા હતા. એટલું જ નહીં, તેમના પર પાંચ વર્ષ માટે એન્ટ્રી પર પ્રતિબંધ મુકવામાં આવે તેવી પણ શક્યતા છે. ભારતીયોને અમેરિકાએ એરપોર્ટ પરથી સીધા ડિપોર્ટ કરી દીધા હોય તેવું અનેક વખત બન્યું છે. સવાલ એ થાય છે કે આવું શા માટે થાય છે અને વ્યક્તિને ડિપોર્ટ કરવામાં આવે ત્યાર પછી શું થાય છે. એક વાત જાણી લો કે અમેરિકાના ઈમિગ્રેશનના નિયમોનો ભંગ કરવામાં આવે ત્યારે તે વિદેશીઓને કાયદેસર રીતે ડિપોર્ટ કરી શકે છે. કેટલીક વખત વિદેશીઓને કારણો આપવામાં આવે છે જ્યારે અમુક વખત તેમને ફટાફટ વળતી ફ્લાઈટમાં બેસાડીને રવાના કરી દેવાય છે. ભારતના વિદ્યાર્થીઓના કેસમાં પણ એવું જ થયું છે.

### સૌથી વૃદ્ધ એશિયન હાથીએ દુનિયાને અલવિદા કહ્યું

। નવી દિલ્હી, તા.૨૨ ।

આસામમાં સેંકડો ચાહકોએ ભવ્ય વિદાય આપીને 'દાદા હાથી'ને શ્રદ્ધાંજલિ આપી. આ હાથી બિજુલી પ્રસાદને આસામના સોનિતપુર જિલ્લામાં મેગોર ગ્રુપના બિહાલી ટી એસ્ટેટમાં વિશેષાધિકાર મળ્યો હતો. તેમણે જીવનભર શાહી આતિથ્ય માણ્યું અને તેમની વિદાય ભવ્ય હતી. આદિવાસી માહુત (રક્ષક) થોમસ મુર્મુ સાથે હાથી બિજુલી પ્રસાદને ૨૦૧૮માં બોરગાંગથી બિહાલી ચાના બગીચામાં લાવવામાં આવ્યો હતો. જ્યારે હાથી મેગોર જૂથ દ્વારા ખરીદવામાં આવ્યો હતો, ત્યારે થોમસના પિતા તેના રખેવાળ હતા અને તે થોમસ હતા જેમણે તેના મૃત્યુ પછી તેની સંભાળ લીધી હતી. થોમસે કહ્યું કે, 'વીજળી મારું જીવન છે અને ચાના બગીચામાં મારું કામ તેની સંભાળ રાખવાનું છે. વીજળીના કારણે જ હું મારા પરિવારનું ભરણપોષણ કરી શકું છું. પહેલા મારા પિતા તેની સંભાળ રાખતા હતા. હવે જ્યારે તે નથી રહ્યા, ત્યારે હું મારા પિતાને વીજળીમાં જોઉં છું. થોમસ મુર્મુ છેલ્લા ૨૦ વર્ષથી પ્રસાદની સંભાળ રાખતા હતા. આસામના વિશ્વનાથ જિલ્લાના બિહાલી ચાના બગીચાના કર્મચારી રજિત બરુઆહે જણાવ્યું હતું કે, 'બિજુલીને ખવડાવવા માટે અમને દરરોજ ૨૫ કિલો ચોખા, સમાન માત્રામાં મકાઈ, ચણા અને ગોળની જરૂર હતી.

### આગામી ચૂંટણીમાં આ એક રાજકીય મુદ્દો પણ બને તેવી શક્યતા છે

# કેનેડામાં જોબ પછી હવે મકાન મળવા મુશ્કેલ સ્ટુડન્ટ વિઝાની સંખ્યા ઘટાડવા વિચારણા

### ૨૦૨૨ના આંકડા પ્રમાણે કેનેડામાં લગભગ ૮ લાખથી વધારે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ ભણતા હતા, ૨૦૧૨માં આ સંખ્યા માત્ર ૨.૭૫ લાખ હતી

। નવી દિલ્હી, તા.૨૨ ।

ક્વોલિટી એજ્યુકેશન માટે ભારતથી કેનેડા જઈ રહેલા યુવાનોની સંખ્યા દર વર્ષે વધતી જાય છે. કેનેડા અત્યારે ભારતીય સ્ટુડન્ટ્સ માટે એક ફેવરિટ દેશ બની ગયો છે. પરંતુ તેના કારણે સ્થિતિ એવી સર્જાઈ છે કે કેનેડામાં પણ તકલીફો વધી રહી છે. ભારતથી કેનેડા ગયેલા યુવાનોને જોબ મળવી તો મુશ્કેલ છે જ, સાથે સાથે હવે હાઉસિંગની પણ અછત પેદા થઈ છે. એક રીતે જોવામાં આવે તો કેનેડામાં અત્યારે હાઉસિંગ ક્રાઈસિસ ચાલે છે અને તેના માટે વિદેશી સ્ટુડન્ટ્સની વધતી સંખ્યાને જવાબદાર ગણવામાં આવે છે. તેના કારણે કેનેડાએ સ્ટુડન્ટ વિઝાની સંખ્યા ઘટાડવા વિચારણા શરૂ કરી છે જેથી



બહારના વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડી શકાય. કેનેડામાં સ્ટુડન્ટ્સના કારણે મકાનોની એટલી બધી ડિમાન્ડ છે કે ભાડાના દર એકદમ વધી ગયા છે. હવે હાઉસિંગ મિનિસ્ટર સિન ફ્રેઝરે જણાવ્યું કે તેઓ સ્ટુડન્ટ વિઝા પર અંકુશ રાખવા વિચારે છે જેથી હાઉસિંગ કટોકટી ટાળી શકાય. ૨૦૨૨ના આંકડા પ્રમાણે કેનેડામાં લગભગ ૮ લાખથી વધારે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ ભણતા હતા. ૨૦૧૨માં આ સંખ્યા માત્ર ૨.૭૫ લાખ હતી. એટલે કે એક દાયકામાં સ્ટુડન્ટની સંખ્યા ત્રણ ગણી વધી ગઈ છે. કેનેડાએ ઈમિગ્રેશનના નિયમો હળવા કર્યા અને વર્ક પરમિટની સગવડ આપી ત્યાર પછી તો દર વર્ષે લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ આ દેશમાં આવી રહ્યા છે, જ્યાં તેમને ક્વોલિટી એજ્યુકેશનની સાથે સાથે રહેવાની પણ તક મળે છે.

સિન ફ્રેઝર ગયા મહિના સુધી કેનેડાના ઈમિગ્રેશન મંત્રી હતા અને હવે તેઓ હાઉસિંગ મંત્રી બન્યા છે. તેથી તેમને આખી સમસ્યાની જાણકારી છે. તેમણે કહ્યું કે મોટી સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ કેનેડા આવતા હોવાના કારણે મકાનોની અછત પેદા થઈ છે અને ભાડા એટલા બધા વધી ગયા છે કે મોટા ભાગના લોકોને પોસાય તેમ નથી. તેમણે કહ્યું કે હાઉસિંગની કટોકટી ઉકેલવા માટે વિદેશી સ્ટુડન્ટને આપવામાં આવતા વિઝા પર અંકુશ મુકી શકાય છે. જોકે, સરકારે હજુ આ વિશે નિર્ણય નથી લીધો.

કેનેડાએ જે ઈમિગ્રેશન પ્રોગ્રામ લાગુ કર્યો છે તે ટેમ્પરરી હતો. તેને આટલા ટૂંકા ગાળામાં જોરદાર સફળતા મળશે અને મોટી સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ કેનેડા આવી પહોંચશે તેની સરકારે કલ્પના પણ નહોતી કરી. હવે જ્યારે સ્ટુડન્ટને મકાન મળવા પણ મુશ્કેલ છે ત્યારે સરકાર સામે એક ચેલેન્જ પેદા થઈ છે. કેનેડાની હાઉસિંગ કટોકટી હવે એક રાજકીય મુદ્દો પણ બની ગયો છે. વિરોધપક્ષના નેતાઓનો આરોપ છે કે કેનેડાની જસ્ટિન ટ્રૂડો સરકાર આ મુદ્દે સરખી રીતે કામ નથી કરતી.

### તાપમાનમાં વધારો થતાં ભેજવાળી ગરમીથી લોકો પરેશાન થયા છે

## ઘણા રાજ્યોમાં આગામી પાંચ દિવસ સાંબેલાધાર વરસાદ પડશે

### હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ઘણી જગ્યાએ ભારે વરસાદની સંભાવના છે

। નવી દિલ્હી, તા.૨૨ ।

રાષ્ટ્રીય રાજધાનીમાં મંગળવારે, ૨૨ ઓગસ્ટના રોજ હળવા વરસાદ સાથે વીજળી પડવાની સંભાવના છે. આ સિવાય ૨૩ ઓગસ્ટ બુધવારે પણ ભારે વરસાદની સંભાવના છે. ૨૪ ઓગસ્ટ, ગુરુવારથી હવામાન સાફ થવાની ધારણા છે, જેના કારણે તાપમાનમાં વધારો થઈ શકે છે. તેમજ મંગળવારે દિલ્હીનું મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. મધ્યપ્રદેશમાં પણ ૧૫ ઓગસ્ટથી વરસાદની મોસમ શરૂ થઈ ગઈ છે. ચોમાસું ફરી એકવાર સક્રિય થવાને કારણે, મંગળવાર, ૨૨ ઓગસ્ટના રોજ રાજ્યના ઘણા જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની અપેક્ષા છે. છત્તીસગઢમાં પણ વરસાદની સંભાવના છે. મંગળવાર, ૨૨ ઓગસ્ટના રોજ રાજસ્થાનના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની અપેક્ષા છે. રાજ્યના જોધપુર, બિકાનેર, ઝાલાવાડ, પાલી સહિત અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે હળવો વરસાદ પડી શકે છે. ઉત્તર પ્રદેશમાં છેલ્લા ઘણા દિવસોથી હળવો વરસાદ પડી રહ્યો છે, જેના કારણે રાજ્યમાં ભેજવાળી ગરમીએ લોકોને પરેશાન કરી દીધા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તરાખંડમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. રાજ્યમાં થઈ રહેલા ભૂસ્ખલનના કારણે ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા છે. હવામાન વિભાગે મંગળવાર, ૨૨ ઓગસ્ટના રોજ રાજ્યના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે, જેના કારણે રાજ્યના ઘણા જિલ્લાઓમાં યલો અને ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.




અલ્હાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પ્રાયગરાજના સંગમ ખાતે ચંદ્રયાન-૩ના સફળ ઉતરાણની ઈચ્છા રાખીને રેતીનું શિલ્પ બનાવ્યું હતું.

### શિક્ષકે IPS ઓફિસરને મોકલી તસવીર

## વાંચ્યા વગર આપી બોર્ડની પરીક્ષા, જવાબને બદલે પૈસાથી ભરી આન્સરશીટ

### એક IPS અધિકારીએ સોશિયલ મીડિયા પર એવી તસવીર શેર કરી છે કે, જેને જોઈને તમે પણ આશ્ચર્યચકિત થઈ જશો

। નવી દિલ્હી, તા.૨૨ ।

જ્યારે વ્યક્તિનું કામ સરળતાથી થતું નથી ત્યારે તે લાંચ આપીને તેને સરળતાથી કરાવવાના પ્રયાસો કરવામાં આવે છે. ભારતમાં ઘણા કામો લાંચ લઈને પણ કરવામાં આવે છે. આ કારણથી લોકો લાંચ આપવામાં પણ અચકાતા નથી. પુખ્ત વયના અને બાળકો પણ જાણે છે કે, ભારતમાં લાંચ આપીને ઘણી વસ્તુઓ કરી શકાય છે. આ કારણોસર જ તેઓ લાંચ લેનારાઓને પૈસા આપવાનું શરૂ કરે છે. એક IPS અધિકારીએ સોશિયલ મીડિયા પર આવી તસવીર શેર કરી છે, જે ભારતમાં લાંચની પ્રથાનો પર્દાફાશ કરતી દેખાઈ રહી છે. બોર્ડની પરીક્ષાનો ડર ઘણા બાળકોમાં જોવા મળે છે. આ પરીક્ષાઓના પરિણામના આધારે બાળકોને આગળ પ્રવેશ મળે છે. જોકે, બાળકોની કારકિર્દીમાં આ પરીક્ષાઓ ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ ઘણી વખત લોકોને એવું લાગે છે કે, ભારતમાં મોટા ભાગના કામ લાંચ દ્વારા જ કરવામાં આવતા હોય છે, તો બોર્ડની પરીક્ષામાં પણ તેના દ્વારા સફળતા મેળવી શકાય છે. જેથી એક IPS અધિકારીએ સોશિયલ મીડિયા પર આવી એક તસવીર શેર કરી છે, જેમાં બાળકે બોર્ડની પરીક્ષાની આન્સરશીટ જવાબના બદલે પૈસાથી ભરી દીધી છે. આ ફોટો સોશિયલ મીડિયા સાઈટ ટ્વિટર પર શેર કરવામાં આવ્યો હતો, જે હવે ઠ તરીકે ઓળખાય છે. તમને જણાવી દઈએ કે, IPS અધિકારી અરુણ બોથરાએ આ વાત શેર કરી છે. જેમાં જવાબ પત્રકની અંદર નોટો નાખવામાં આવી હતી. તેમાં ૧૦૦ અને ૨૦૦ની નોટો ભરેલી હતી. સાથે જ લખવામાં આવ્યું હતું કે, આટલા પૈસા માટે તેને પાસિંગ માર્કસ આપવામાં આવે. તેની તસવીર ક્લિક કરીને શિક્ષકે તેને IPS અધિકારીને મોકલી હતી, જેણે તેને સોશિયલ મીડિયા પર શેર કરી. ભારતની શૈક્ષણિક વ્યવસ્થા આ એક ચિત્ર દ્વારા સમજી શકાય છે. અધિકારીએ તેને શેર કરતાની સાથે જ તે વાયરલ થઈ ગયો. એક વ્યક્તિએ લખ્યું કે, બાળપણથી જ પૈસાથી દરેક વસ્તુ ખરીદવાની માનસિકતા વિકસે છે.

# એન્ટાર્કટિકામાં હિટલરનું બંકર મળી આવ્યું

। નવી દિલ્હી, તા.૨૨ ।

ગૂગલ મેપનો ઉપયોગ કરતા કેટલાક યુઝર્સે દાવો કર્યો છે કે તેમને એન્ટાર્કટિકામાં કહેવાતા નાઝી બંકર મળ્યા છે. તેમનો સૌથી મોટો દાવો એ છે કે નાઝી જર્મનીનો સરમુખત્યાર એડોલ્ફ હિટલર બીજા યુદ્ધમાં બચી ગયા બાદ એન્ટાર્કટિકામાં બનેલા આ બંકરમાં રહેવા આવ્યો હતો. અહીં તેમણે તેમના જીવનનો લાંબો સમય પસાર કર્યો. આ દાવાથી લોકોને આશ્ચર્ય થયું છે. વાસ્તવમાં, બીજા વિશ્વ યુદ્ધ વિશે ઘણી પ્રકારની અફવાઓ છે. આમાં સૌથી મોટી અફવા એ છે કે નાઝી જર્મનીનો સરમુખત્યાર એડોલ્ફ હિટલર જર્મનીથી ભાગી ગયો હતો. કેટલાક લોકો કહે છે કે તેણે મૃત્યુ સુધીનો સમય આર્જેન્ટિનામાં વિતાવ્યો હતો. જોકે, એ સાબિત થઈ ચૂક્યું છે કે હિટલરે બર્લિનમાં બનેલા બંકરમાં ગોળી મારીને આત્મહત્યા કરી હતી. તે જ સમયે તેમના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી હતી. અહેવાલ મુજબ, એક ફેસબુક યુઝરે આ કહેવાતા નાઝી બંકરને શોધવાનું કામ કર્યું છે. તેણે તેની તસવીર પણ શેર કરી છે. યુઝરે ગૂગલ મેપ દ્વારા બંકર શોધી કાઢ્યું હતું. તસવીર જોઈને લાગે છે કે એન્ટાર્કટિકાના બર્ફીલા ખડકોમાં એક ચોરસ દરવાજો છે. જ્યારે આ તસવીર સામે આવી તો કેટલાક લોકોએ તેને સરકારનું સીક્રેટ બેસ ગણાવ્યું તો કેટલાકે તેને હિટલરનું બંકર પણ ગણાવ્યું. કેટલાક લોકોનું કહેવું છે કે નાઝી જર્મનીના અધિકારીઓએ એન્ટાર્કટિકામાં એક ગુપ્ત અડ્ડો બનાવ્યો હતો, જેથી તેઓ યુદ્ધથી બચી શકે. તેનું સૌથી મોટું કારણ એ છે કે ૧૯૩૮માં નાઝી જર્મનીએ એન્ટાર્કટિકામાં એક મિશન મોકલ્યું હતું, જેનું કામ વ્હેલ માછલી દ્વારા તેલ કાઢવાનું હતું. લોકોનો દાવો છે કે તે જ સમયે આ બંકર તૈયાર કરવામાં આવ્યું હતું અને પછી યુદ્ધથી બચવા માટે હિટલર અહીં રહેવા લાગ્યો. આ તસવીરને લઈને હજુ સુધી કોઈ મોટી એજન્સીનું નિવેદન આવ્યું નથી. પરંતુ આ પહેલા પણ આવી તસવીરો શેર કરવામાં આવી છે, જે સંપૂર્ણપણે નકલી હોવાનું બહાર આવ્યું છે. આ ચિત્ર સાથે પણ એવું જ છે. તેનું સૌથી મોટું કારણ ખુદ હિટલરનું મૃત્યુ છે.

## Truke ભારતની પ્રથમ કોલિંગ સેન્ટ્રિક TWS, ક્લેરિટી ફાઇવનું અનાવરણ કરે છે

ભારતની સૌથી ઝડપથી વિકસતી ઉ્જી બ્રાન્ડ, Truke પોતાની તાજેતરની નવીનતા, Truke Clarity Five (ટ્રૂક ક્લૅરિટી ફાઈવ) - ભારતની પ્રથમ કૉલિંગ સેન્ટ્રિક ટ્રૂ વાયરલેસ ઈયરબડ્સ (TWS) ના લોન્ચિંગની જાહેરાત કરતાં રોમાંચિત છે. તેની અદ્યતન 6-Mic ENC ટેક્નોલોજી સાથે, ક્લૅરિટી ફાઈવ સ્પષ્ટ, ચોક્કસ અને તીક્ષ્ણ કૉલ ગુણવત્તા માટે પર્યાવરણીય અવાજ વિનાના દોષરહિત કૉલ્સની ચોકસાઈ રાખશે. ક્લૅરિટી ફાઈવ બ્લેક કલરમાં Amazon.in, Flipkart અને truke.in પર INR 1499 ની લિમિટેડ ઑફર પ્રાઈઝ પર ઉપલબ્ધ થશે. વિશેષ કિંમત બેંકને તોડ્યા વિના તેમની ઑડિયો અને કૉમ્યુનિકેશન ગેમને અપગ્રેડ કરવાની અવિશ્વસનીય તક વ્યક્તિઓ માટે રજૂ કરે છે. ક્લૅરિટી ફાઈવ અડધા ચળકતા અને અડધા મેટ ફિનિશ કેસ સાથે અનન્ય ડિઝાઈન ધરાવે છે. કૉમ્પેક્ટ લિફ્ટ-અપ ઓપન કેસ અને બેટરી ઈન્ડિકેટર હોલ્ડિંગ




વખતે પ્રીમિયમ અનુભવ આપે છે. તેના વપરાશકર્તાઓના ઑડિયો અનુભવમાં ક્રાંતિ લાવવા માટે તૈયાર કરવામાં આવેલ, ટ્રૂક ક્લૅરિટી ફાઈવ અદ્યતન સુવિધાઓ ધરાવે છે જે આપણી હરતા - ફરતા વાતચીત કરવા અને મનોરંજનનો આનંદ માણવાની રીતને પુનઃ વ્યાખ્યાયિત કરે છે. ક્રિસ્ટલ ક્લિયર કૉલિંગ અનુભવ : ટ્રૂક ક્લૅરિટી ફાઈવ સીમલેસ કનેક્શન અને સર્વોચ્ચ જોડાણને સુનિશ્ચિત કરવા માટે ઝીણવટપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે, પછી ભલે વપરાશકર્તાઓ મુખ્ય વ્યવસાયિક વાર્તાલાપમાં રોકાયેલા હોય, સંગીતમાં વ્યસ્ત હોય, અથવા ગતિશીલ ગેમિંગ સત્રોમાં પોતાને ડૂબાડયા હોય.

## મિશન ચંદ્ર

### સહયોગ અને સંભાળથી ખગોળશાસ્ત્રમાં રૂચિ વધારવા પ્રોત્સાહન




સ્પેસ એપ્લિકેશન સેન્ટર-ISRO, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી અને ગુજરાત સાયન્સ સિટીના સહયોગથી કંટ્રોલર ઓફ કોમ્યુનિકેશન એકાઉન્ટ્સ-ગુજરાત સર્કલ દ્વારા 'મિશન ચંદ્ર' વિજ્ઞાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતની જુદી જુદી એન્જિનિયરિંગ કોલેજોની ૮૦ થી વધુ ટીમોએ નામાંકન કરાવ્યું હતું.

ગુજરાત સાયન્સ સિટીના ઓડિટોરિયમ-૧ ખાતે ૧૯ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ વિવિધ ટીમના ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અને તેમના ડિજિટલ 3D મોડલ પ્રસ્તુત કર્યા હતા. ૮૦ ટીમો પૈકી ૧૧ ટીમો સ્પર્ધાના પ્રારંભિક રાઉન્ડમાં વિજેતા બની હતી. વિજેતા વિદ્યાર્થીઓ માટે ૨૨ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ખાનપુરમાં આવેલ મીમાંસા, છટ્ઠા માળે, CCA, P&T વ્યવસ્થા ભવનમાં સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે CCA- વેસ્ટર્ન ઝોનના અધિકારી, CPMG ગુજરાત, SAC-ISRO, GUJCOST અને ગુજરાત સાયન્સ સિટીના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા ટીમના વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ આ વિદ્યાર્થીઓને ૨૩ ઓગસ્ટના રોજ સ્પેસ એપ્લિકેશન સેન્ટર, ISROથી ચંદ્રની સપાટી પર ચંદ્રયાન-૩ના લેન્ડિંગનું લાઈવ પ્રસારણ નિહાળવાની તક મળશે.

## હિન્દવેરે ભવ્ય સ્નાન અનુભવ માટે ચાર આકર્ષક ઉત્પાદનોનું અનાવરણ કર્યું

પ્રતિષ્ઠિત બાથવેર બ્રાન્ડ, હિન્દવેર લિમિટેડ, આજે તેની ઉત્પાદન શૃંખલામાં નવીન અને પ્રચલિત નળની શ્રેણીને લૉન્ચ કરવાની જાહેરાત કરી. કંપનીએ બે નવી નળની શ્રેણી, "ફેબિયો" અને "એગ્નીસ" ને જાહેર કરી, જે બંને અદ્યતન તકનીકી અને રેડિયેટ શૈલી અને રચનાત્મકતા ધરાવે છે. બ્રાન્ડે "ભવ્યતાનો પ્રવેશદ્વાર" કાર્યક્રમ દરમિયાન તેની "થર્મોસ્ટેટ ડાયવર્ટર્સ" અને "મલ્ટી-ફંક્શન શાવર્સ" ની નવી શૃંખલાનું પણ અનાવરણ કર્યું, જેનું એક સાથે ઓનલાઈન પ્રસારણ કરવામાં આવ્યું હતું અને નવી દિલ્હી, લખનૌ, ઈન્દોર, રાંચી અને બેંગ્લોર ખાતે યોજવામાં આવ્યું હતું. વિસ્તારનો હેતુ એક વ્યાપક ઉકેલ પૂરો પાડવાનો છે જે ગ્રાહકની સુવિધામાં વધારો કરશે. તે માધ્યમ-વર્ગી અને પ્રીમિયમ ગ્રાહકો, આર્કિટેક્ટ્સ, ડીલર્સ અને બિલ્ડરોને લક્ષ્ય બનાવશે.

બાથ એન્ડ ટાઈલ્સ, હિન્દવેર લિમિટેડના સીઈઓ, શ્રી સુધાંશુ પોખરિયાલે, કાર્યક્રમ વખતે સંબોધિત કરતા જણાવ્યું હતું કે, "અમે અમારી નવીનતમ ઉત્પાદન શ્રેણીને અનાવરણ



કરવા માટે રોમાંચિત છીએ, જે નવીનતા, ટકાઉપણું અને ડિઝાઈન ઉત્કૃષ્ટતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે. 'થર્મોસ્ટેટિક ડાઈવર્ટર' અને 'મલ્ટી-ફંક્શન શાવર'ની નવી શૃંખલા ઘરમાં સ્પા જેવો અનુભવ આપશે, જ્યારે અમારી સ્માર્ટ તકનીકી ઉત્પાદનો સગવડતા અને આરામ આપશે. અમને વિવિધ પ્રકારના બાથરૂમ સમાધાનો પ્રદાન કરવામાં ગર્વ છે જે વિવિધ શૈલીઓ અને પસંદગીઓને પૂર્ણ કરે છે અને અમે બાથરૂમ ઉદ્યોગમાં વૈભવના વિચારને આકાર આપવાનું ચાલુ રાખવા માટે તત્પર છીએ."

ઉપભોક્તા વર્તણૂકમાં તાજેતરના ફેરફારોને કારણે વૈભવી અનુભવો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, અને નવી ઉત્પાદન શૃંખલાનો હેતુ બદલાતી જરૂરિયાતોને સંબોધવાનો અને સર્જનાત્મક પ્રદર્શન-આધારિત ઉત્પાદન ઉકેલો પ્રદાન કરવાના બ્રાન્ડના દ્રષ્ટિકોણને જાળવી રાખવાનો છે.

## બોલિવુડ સુપરસ્ટાર રણવીર સિંઘ Lavie Sportનો બ્રાન્ડ એમ્બેસેડર બન્યો

। મુંબઇ, તા.૨૨ ।

પ્રોડક્ટની યોગ્ય પસંદગી સાથે સક્રિય જીવનશૈલીને વિસ્તરિત બનાવવાના ઉદ્દેશ સાથે બ્રાન્ડ Lavie Sportએ તાજેતરમાં રણવીર સિંઘને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ઉતાર્યો છે. સુપરસ્ટાર રણવીર સિંઘ સાથેનો આ સહયોગ પ્રવર્તમાન ગ્રાહક વર્ગને સંબંધિત માગને અનુરૂપ સ્ટાઈલ સભાન યુવાઓની રોજિંદી કાર્યરત કરનારાઓની માગને સંતોષવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. બ્રાન્ડના સક્રિય જીવનશૈલીને પ્રોત્સાહન આપવાના મૂળભૂત સિદ્ધાંત પર મદાર રાખતા, Lavie Sport એવી બેગ પૂરી પાડવા માગે છે જે મજબૂતાઈ, સ્ટાઈલ અને વિસ્તરિત સુરક્ષા પ્રદાન કરીને ગ્રાહકોની દૈનિક જરૂરિયાતોને સંતોષતી હોય.

સમકાલીન, સર્વતોમુખી અને આધુનિક પ્રોડક્ટસથી સજ્જ Lavie Sport બ્રાન્ડમાં વિવિધ પ્રકારની પ્રોડક્ટસ જેમ કે બેગપેક્સ, ડફલ બેગ્સ, લેપ્ટોપ બેગ્સ



વોલેટ્સ વગેરેનો સમાવેશ થાય છે, જે સપ્તાહના અંતે કે વેકેશન, ઓફિસ, જીમ અથવા જવાની ઈચ્છા હોય ત્યાં જવા માટે યોગ્ય માર્ગ છે. રણવીર દરેક ડિજિટલ અને સોશિયલ મીડિયામાં ફેલાયેલી અસંખ્ય કોમર્શિયલ્સ જાહેરાત મારફતે નવા કલેક્શન સાથે પ્રવર્તમાન પોર્ટફોલિયોને સમર્થન આપતો પણ જોવા મળશે. તેજ રીતે Lavie Sportની ઓળખ અનુસાર રણવીર સિંઘએ નિર્દોષ અભિનય કુશળતા, સ્પર્શજન્ય ખુશી અને ફેશન અને સ્ટાઈલની અસમાંતરીત સંવેદના મારફતે પ્રેક્ષકોને મનોરંજન પૂરું પાડ્યુ છે, જે બ્રાન્ડને રજૂ કરવા માટે તેઓને યોગ્ય પસંદગી બનાવે છે અને Lavie Sport રેન્જને સ્વીકાર્ય પસંદગી બનાવે છે.

## વડોદરા મહાપાલિકાની જૂનિયર ક્લાર્કની પરીક્ષા ૮ ઓક્ટોબરે જાહેર



। વડોદરા, તા.૨૨ ।

વડોદરા મહાપાલિકાની જૂનિયર ક્લાર્કની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. ૮ ઓક્ટોબરે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની જૂનિયર ક્લાર્કની પરીક્ષા લેવામાં આવીશે. જે પરીક્ષાને લઈ ઉમેદવારો લાંબા સમયથી રાહ જોઈ રહ્યાં હતાં. અત્રે જણાવી દઈએ કે, આ પરીક્ષાનું આયોજન ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જ કરવામાં આવ્યું છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાશે પરીક્ષા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા વડોદરા મહાનગરપાલિકાની જુનિયર કલાર્ક વર્ગ-૦૩ સંવર્ગની કુલ ૫૫૨ જગ્યાઓ ભરવા માટેની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનું તા.૦૮/૧૦/૨૦૨૩ને રવિવારના રોજ આયોજન કરાયું છે. મંડળે એમ પણ જણાવ્યું છે કે, અનિવાર્ય કારણોસર મંડળ આ કાર્યક્રમમાં ફેરફાર કરી શકશે. સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ પરીક્ષાની તારીખના પંદર દિવસ પહેલા મંડળની વેબસાઈટ (https://gsssb.gujarat.gov.in) પર મૂકવામાં આવશે.

## રાજકોટના કરોડોનો આધુનિક બસ પોર્ટ અસમાજીક તત્વોનો અડ્ડો બની ગયો

। રાજકોટ, તા.૨૨ ।

રાજકોટ ના કરોડોનો આધુનિક બસ પોર્ટ અસમાજીક તત્વોનો અડ્ડો બની ગયો છે. આ અંગેનો વિસ્તૃત અહેવાલ મીડિયામાં આવ્યા બાદ બસ પોર્ટ એજન્સી દ્વારા હવે નિર્માણાધીન જે વિસ્તારને બતાવવામાં આવી રહ્યો છે. તે વિસ્તારના રસ્તાઓને પતરાની આડશો લગાવીને બંધ કરી દેવામાં આવી છે. આમ હવે નિર્માણ વિસ્તાર હવે ખંડેરમાં બદલાશે એવી સંભાવનાઓ વધી ગઈ છે. જ્યાં અસામાજીક તત્વોનો અડ્ડો દારુ પાર્ટીઓ કરી રહ્યો હતો એ જગ્યાએ મલ્ટીપ્લેક્ષ થિયેટર નિર્માણ કરવાનુ હતુ. જેના બદલે તે ખંડેર જેવી સ્થિતિમાં પ ડી રહ્યુ છે. જેનો ઉપયોગ દારુડીયા લોકો દારુ પિવા અને પાર્ટી કરવાના સ્થળ તરીકે ઉપયોગ કરી રહ્યા હતા.આ અંગેનો અહેવાલ મીડિયામાં પ્રસિદ્ધ થતા જ હવે એસટી તંત્ર અને નિર્માણ એજન્સી હરકતમાં આવી છે. બસ પોર્ટના સૌથી ઉપરના મજલે જવાના રસ્તાઓ-સીડીઓ પર આડશ પતરાની લગાડવામાં આવ્યા છે.



સિંધી સમાજ ભગવાન ઝુલેલાલના ચાલીસ દિવસના ઉપવાસ પુરા થતા આજે ચાલીસ દિવસ મુકેલ મટકીને નદીમાં પધરાવા માટે જઇ રહ્યા છે.

## સિંગતેલના ભાવમાં ૫૦થી ૬૦ રૂપિયાનો ઘટાડો થયો

। રાજકોટ, તા.૨૨ ।

જન્માષ્ટમીના પર્વ પહેલા સિંગતેલને લઈને રાહતના સમાચાર આવ્યા છે. સિંગતેલના ભાવમાં ૫૦થી ૬૦ રૂપિયાનો ઘટાડો થયો છે. સિંગતેલના ભાવ ૧૫ કિલોના ૩૦૦૦થી ૩૨૦૦ રૂપિયા જ્યારે ૧૫ લીટરના ૩૦૬૦થી ૩૧૦૦ રૂપિયા સુધી પહોંચ્યા છે. સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમીના તહેવારમાં લોકો મોટા પ્રમાણમાં ખાદ્યતેલનો ઉપયોગ કરતા હોય છે. ત્યારે તહેવાર પહેલા જ સિંગતેલના ભાવમાં ઘટાડો થતા લોકોને રાહત મળી છે. વેપારીઓનું માનવું છે કે જન્માષ્ટમી પર હજુ ભાવમાં ઘટાડો થઈ શકે છે અને સિંગતેલનો ડબ્બો ત્રણ હજાર રૂપિયાની અંદર પહોંચીશકેછે.રાજકોટસિંગતેલના વેપારી ભાવેશ પોપટના કહેવા પ્રમાણે સિંગતેલમાં હાલમાં ઓછી ડિમાન્ડ છે. આ ઉપરાંત વરસાદી વાતાવરણથી ઉઘાડ નીકળતા માર્કેટીંગ યાર્ડમાં નવી મગફળીની આવક થઈ છે. જ્યારે સંગ્રહકર્તાઓ દ્વારા પણ મગફળી વેચાણ માટે બજારમાં આવતા સિંગતેલના ભાવમાં ઘટાડો થયો છે. વેપારીઓનું માનવું છે કે હાલમાં ઘરાકી ન હોવાને કારણે સિંગતેલના ભાવમાં હજુ પણ ઘટાડો થઈ શકે છે.

### રાજ્યમાં તાત્કાલિક જાતિ આધારીત વસ્તી ગણતરી કરાવો

## સત્યાગ્રહ છાવણીમાં કોંગ્રેસના 'OBC' સ્વાભિમાન ધરણા

। ગાંધીનગર, તા.૨૨ ।

લોકસભા ચૂંટણી પહેલા રાજ્યમા OBC અનામતની માંગ સાથે આંદોલનનું મંડાણ થતું જોવા મળ્યું. કોંગ્રેસના નેજા હેઠળ OBC જન અધિકાર સમિતિ દ્વારા સ્વાભિમાન ધરણામાં મોટા પ્રમાણમાં લોકો જોડાયા. OBC સમાજને વસ્તી આધારિત બજેટની ફાળવણી, જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી સહિતની માગ સાથે આંદોલનના મંડાણ કર્યા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં OBC અનામતનું નિકંદન અને રાજ્યના બજેટમા OBC સમાજને અન્યાયની લાગણી સાથે શરૂ થયેલ 'ઓબીસી અનામત બચાવો' આંદોલન ગાંધીનગરમાં ધરણા સુધી પહોંચ્યું છે. સ્વાભિમાન ધરણામાં સમગ્ર રાજ્યમાંથી લોકો જોડાયા હતા. પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર, અમિત ચાવડા, અર્જુન મોઢવાડીયા સહિતના ઓબીસી નેતાઓ જોડાયા હતા..

ઓબીસી અનામત બચાવોની માંગણી સાથે આંદોલન ઉભું કરનાર અમિત ચાવડાએ ગઈકાલે ભાજપના OBC નેતાઓ અલ્પેશ ઠાકોર, શંકર ચૌધરી, કુંવરજી બાવળિયા, પરસોતમ સોલંકી, કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ અને ડૉ મહેન્દ્ર મુંજપુરા ને OBC સમાજના અધિકાર માટેના સ્વાભિમાન ધરણામાં હાજર રહેવા આમંત્રણ આપ્યું હતું. જો કે ભાજપ સાથે સંકળાયેલ OBC નેતાઓએ તેનાથી કિનારો કર્યો છે.

વિધાનસભા ચૂંટણીની જેમ કોંગ્રેસે લોકસભા ચૂંટણીમાં પણ OBC સમાજને સાથે લેવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાતમાં જાતિગત વસ્તીની વાત કરીએ તો OBC ૫૨ ટકા, ક્ષત્રિય અને સવર્ણ-૧૪ ટકા, પાટીદાર-૧૬ ટકા, દલિત-૭ ટકા, આદિવાસી-૧૧ ટકા, મુસ્લિમો ૯ ટકા છે. ભલે સરકાર વિકાસની વાતો કરે પરંતુ ચૂંટણી હંમેશા જ્ઞાતિ આધારિત સમીકરણને ધ્યાનમાં રાખીને જ લડાતી હોય છે. કોંગ્રેસ હંમેશા OBC, દલિત પાટીદાર, લઘુમતી સમુદાય પર દાવ રમે છે. કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ પણ KHAM થિયરી સાથે ૧૯૮૫માં ૧૪૯ બેઠકો જીતવાનો રેકોર્ડ હતો. જે આ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૧૫૬ બેઠકો જીતીને તોડી બતાવ્યો છે. રાજ્યમાં હાલ ૫૨ ટકા મતદારો OBC સમાજમાંથી આવે છે. ગુજરાતમાં કોઈપણ પાર્ટીને સત્તાને સિંહાસન પર બેસાડવમાં OBC સમાજ કિંગમેકર રહ્યો છે ત્યારે જોવુ રહેશે કે કોંગ્રેસે લોકસભા પહેલા ખેલેલુ OBC કાર્ડ કેટલુ ફળે છે.

## બે કરોડની કિંમતનું મેફેડ્રોન ડ્રગ્સ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી

### અમદાવાદ એસઓજી ક્રાઈમે ફરીવાર બે કિલો ત્રણ ગ્રામ ડ્રગ્સ ગીતા મંદિર પાસેથી પકડ્યું

। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ એસઓજી દ્વારા વધુ એક વખત એક બે કિલો ત્રણ ગ્રામ મેફેડ્રોન નામનો ડ્રગ્સ બે કરોડ ના મુદ્દા માલ સાથે પોલીસે માહિતી આધારે એક આરોપીને ગીતામંદિર નવા બસ સ્ટેશનના એક્ઝિટ ગેટ બહાર મહેશકુમાર નામના આરોપીને ઝડપી લીધો.

અમદાવાદ સહિત ગુજરાત રાજ્યભરમાં યુવાધનને બરબાદ કરતા ડ્રગ્સ વેચાણના કિસ્સાઓ વધી રહ્યાં છે ત્યારે અમદાવાદ એસઓજી પોલીસ માહિતી આધારે આરોપી મહેશકુમાર ઉર્ફે વિજય રામસહાય નિષાદ ઉંમર ૨૮ વર્ષ રહે ગામ વામોલી (બહવા) પોસ્ટ તેરિયા જિલ્લા આંબેડકર નગર ઉત્તર પ્રદેશનાઓ કબજામાંથી વગર પરમિટ અને ગેરકાયદેસર નશીલા પદાર્થો સાથે મેફેડ્રોનનો જથ્થા સાથે ૨૦૦૩ ગ્રામ ૫૦૦ મીલીગ્રામના



મુદ્દા માલ બે કરોડ પંત્રીસ હજાર અને અન્ય બીજી ચીજ બે કરોડ પિસ્તાલીસ હજારની મળી આવી છે જેથી આરોપી વિરુદ્ધ પોલીસે ડીસીબી પોલીસ સ્ટેશનમા એન ડી પી એસ એક્ટ આધારે કલમ ૮(સી), ૨૧(સી) મુજબ ગુનો નોંધીને આગળ કાર્યવાહી વધુ ધરી છે. થોડા દિવસ પહેલા ચાંદખેડામાંથી એસઓજી દ્વારા ડ્રગ્સ સાથે એક વ્યક્તિની ધપકડ કરી હતી તેમાં વિશાખા નામના વ્યક્તિનું નામ સામે આવ્યું હતું.


## ૨૦ વર્ષના હેકરે યુટ્યુબ પરથી હેકિંગ શીખી વેપારીને ચુનો લગાવ્યો

। અમદાવાદ, તા.૨૨ ।

આમ તો સાયબર ગઠિયાઓ અલગ અલગ માધ્યમોથી લોકોના પૈસા લૂંટતા હોય છે. ઓનલાઈન સિસ્ટમ થકી અથવા તો ઓટીપી કે લિંક થકી આવા સાયબર ગઠિયાઓ લોકોને પોતાનો શિકાર બનાવતા હોય છે. આવો જ એક ઓનલાઈન ફ્રોડનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમા ભેજાબાજ હેકરની વાતો સાંભળી બે ઘડી માટે તો સાઈબર ક્રાઈમના અધિકારીઓ પણ ચકરી ખાઈ ગયા હતા.

અમદાવાદના એક વેપારી જે ઓનલાઈન હોટેલ બુકિંગ, એર ટિકિટ બુકિંગ, બસ બુકિંગ, મોબાઈલ રિચાર્જ, બિલ પેમેન્ટ, ગિફ્ટ વાઉચર જેવી પ્રવૃત્તિઓ વેબસાઈટ અને એપ્લિકેશન મારફતે ધંધો કરે છે. જેની વેબસાઈટ અને એપ્લિકેશનમાં કોઈ હેકરે હેકિંગ કરી તેમાં બ્રિજ કરી જુદી જુદી એર ટિકિટનું બુકિંગ કરી ટિકિટ બુકિંગની આ વેબસાઈટ સંચાલકને જે રકમ મળવી જોઈએ તેના બદલે ફક્ત એક થી બે રૂપિયા જેટલી જ રકમ મળતી હતી. જેને લઈને વેપારીને શંકા જતા તપાસ કરવામાં આવી અને સમગ્ર કૌભાંડ સામે આવ્યું. જે રીતે આ વેબસાઈટ સંચાલકને સાત લાખથી વધુની નુકસાન થયું હતું અને તેની સાથે છેતરપિંડી થઈ હતી તેની ફરિયાદ વેબસાઈટ સંચાલકે સાઈબર ક્રાઈમમાં નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે ૨૦ વર્ષના હરિયાણાનાં અમર નાયકની ધરપકડ કરી છે. આરોપી અમર દ્વારા અલગ અલગ ડિવાઈસ અને સોફ્ટવેર ટુલ્સનો ઉપયોગ કરી સામેની વ્યક્તિ સાથે ઓનલાઈન છેતરપિંડી કરતો હતો. સૌપ્રથમ તો જે કોઈ વેબસાઈટની પેમેન્ટ ફેસીલીટી અને અન્ય સિક્યુરિટી નબળી હોય તેવી વેબસાઈટ શોધતો હતો અને તે વેબસાઈટમાં હેકિંગ સોફ્ટવેર અને ટુલ્સનો ઉપયોગ કરી તેમાં બગ્સ ફિક્સ કરી દેતો હતો. જે બાદ તે વેબસાઈટમાં બ્રિજ કરી તેમાંથી હોટેલ બુકિંગ, એર ટિકિટ બુકિંગ, ઓનલાઈન શોપિંગ જેવી પ્રવૃત્તિઓ કરતો અને જેના બદલામાં વેબસાઈટના સંચાલકના ખાતામાંથી જે તે વેન્ડરને પૂરા પેમેન્ટની ચુકવણી થતી હતી અને વેબસાઈટ સંચાલકને જે રકમ મળવી જોઈએ તેની જગ્યાએ ફક્ત એક થી બે રૂપિયા જેવી મામૂલી રકમ મળે તેવું પોતે આ સિસ્ટમમાં હેક કરી અને સેટિંગ કરતો હતો.

પકડાયેલા આરોપી અમર નાયક માત્ર ધોરણ ૧૨ સુધીનું અભ્યાસ કર્યો છે. પોતાના મોજશોખ પૂરા કરવા માટે youtube પર હેકર્સ બનવા માટે ઓનલાઈન વીડિયો જોવાનું શરૂ કર્યું અને થોડાક સમયમાં તેને હેકર્સની માસ્ટરી પણ મેળવી લીધી.



## ઓવરબ્રિજના વિરોધમાં મહેસાણાના પાંચોટના ગ્રામજનોએ બાંયો ચડાવી

। મહેસાણા, તા.૨૨ ।

ગાંધીનગરથી પાટણને જોડતો નવીન ઓવરબ્રિજ મહેસાણા જીલ્લાનાં પાંચોટ પાસેથી પસાર થઈ રહ્યો છે. જે ઓવરબ્રિજને પીલ્લરની જગ્યાએ બ્લોક ઉપર બનાવવામાં આવી રહ્યો છે. જેને લઈને પાંચોટ ગામનાં ગ્રામજનો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. તેમજ ઓવરબ્રિજને બ્લોકની જગ્યાએ પીલ્લર પર બનાવવાની શરૂઆત કરતા પાંચોટ ગામનાં ગ્રામજનોએ વિરોધ કર્યો હતો. ત્યારે મહેસાણા શહેરનું દ્વાર ગણાતા પાંચોટ ડી માર્ટ સર્કલ પર બ્રિજ પીલ્લરની જગ્યાએ બ્લોક પર બનવાથી ખેડૂતોને અવર જવર કરવામાં મુશ્કેલી પડી શકે છે. જો ઓવરબ્રિજ પીલ્લર પર બનાવવામાં આવે તો બ્રિજની નીચે ખુલ્લી જગ્યામાં લોકો પાર્કિંગ કરી શકશે, ખેડૂતોને વાહન લઈ અવર જવર માટે ખુલ્લી જગ્યા તેમજ પોલીસ ચોકી બનાવવાની પણ જગ્યા મળી શકે છે. પરંતુ નવીન બ્રિજ બનાવતી વાવડ કન્સ્ટ્રક્શન કંપનીએ પાંચોટ સર્કલ ઉપરનો બ્રિજ પીલ્લર ઉપર નહી બનાવવાના નિર્ણય સામે પાંચોટ ગામના ખેડૂતો અને ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે. આથી પાંચોટ વિસ્તારના તમામ રહીશોએ બ્રિજની ડિઝાઈન બદલવાની માંગ સાથે વિરોધ નોંધાવ્યો છે.

### રાજકોટમાં આરોગ્ય વિભાગના દરોડા

## ફરાળ અને ફરસાણમાં ભેળસેળ વોશિંગ પાવડરનો ઉપયોગ કરનારા સામે કાર્યવાહી

। રાજકોટ, તા.૨૨ ।

રાજકોટમાં કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા ફરસાણની દુકાન અને ડેરીમાં દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સીતારામ ડેરી અને ભગવતી ફરસાણમાં દરોડો પાડતા ફરસાણ ખાનારા અને ફરાળી આરોગનારા પણ સાંભળીને ચોંકી ઉઠે એવી સ્થિતિ જોવા મળી હતી. શ્રાવણમાં જે લોકો ફરાળી પેટીસને આરોગે છે, એ પેટીસમાં કોર્ન સ્ટાર્ચ વડે બનાવેલ જથ્થો મળી આવ્યો હતો. આમ લોકોની શ્રદ્ધા અને ભાવનાઓને ઠેસ પહોંચાડી ઉપવાસમાં ફરાળી પેટીસને બદલે મકાઈ કોર્ન આધારીત બનાવીને વેચાણ કરતા હતા. આરોગ્ય વિભાગે હવે આવા જથ્થાનો નાશ કરીને ફરસાણની દુકાનના સંચાલક વિરુદ્ધ કાર્યવાહી કરી છે.

ફરસાણમાં વોશિંગ પાવડરનો ઉપયોગ કરવામાં આવતો હોવાનુ પણ મળી આવ્યુ હતુ. ખાવાના સોડાને બદલે વોશિંગ પાવડરનો ઉપયોગ કરવાથી કેન્સર અને આંતરડામાં ચાંદા પડવાની જેવી ગંભીર બિમારીઓ થઈ શકે છે. મોટા પ્રમાણમાં અખાદ્ય જથ્થો મળી આવતા તેનો નાશ કરવામાં આવ્યો છે. શહેરમાં પાંચ થી છ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યો હતો. શ્રાવણ માસને લઈ આખો મહિનો આ પ્રકારની ડ્રાઈવ કરવામાં આવશે.









### ખંભાળિયા પંથકમાંથી નશાયુક્ત સીરપ ઝડપાયુ

। દ્વારકા, તા.૨૨ ।

પંજાબમાં આયુર્વેદિક દવાના નામે નશો ગુજરાત મોકલાતો હતો. ખંભાળિયામાંથી ચિરાગ થોભાણી, અક્રમ બનવાની ધરપકડ કરાઈ છે જ્યારે પંજાબથી પંકજ ખોસલા નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકાના એસ પી નીતિશ પાંડેયએ જણાવ્યું કે, ખંભાળિયા પોલીસ ટીમ દ્વારા ભાનવડી વિસ્તારમાંથી એક ગોડાઉનમાંથી આયુર્વેદિક પીણો લગભગ સાડા પંદર હજાર બોટલ કબજે કરી હતી. જેની માર્કેટ વેલ્યું આશરે ૨૬ લાખ જેટલી છે, જે તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી પાસે જે કાયદેસરની પરવાનગી હોવી જોઈએ તે હતી નહી, તેમજ ખોટા દસ્તાવેજોના આધારે વેચાણ ચાલતો હતો.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨